॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

પ્રકાશન દર માસની ૭ તારીખે સળંગ અંક ૪૬૫, ઓક્ટોબર–૨૦૨૪, રૂા. ૫.૦૦/–

## ભુજ મંદિરના વડીલ સંત સ.ગુ.સ્વામી નિરન્નમુક્તદાસજીની અક્ષરવાસ











દિનાંક. ૨૬/૯/૨૦૨૪ ભાદરવા વદ-૯ ના રોજ સ્વામી વહેલી સવારે ૨ વાગ્યે શ્રીજીમહારાજના અખંડ સ્મરણ સાથે શ્રીજીમહારાજની અખંડ સેવામાં જોડાયા છે. એમની અંતિમ યાત્રા તા.૨૬ ના બપોરે ૨ વાગ્યે ભુજ મંદિરેથી નીકળી હતી. ભુજ મંદિરના પૂજ્ય મહંત સ્વામી આદિ મંડળના વડીલ સંતોએ વિદાય આપી હતી.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ॥

પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ વર્ષ-૧૮ કુલ અંક-૨૦૩

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૨૪ અંક-૮ ઓક્ટોબર-૨૦૨૪
વર્ષ : ૪૦ - સળંગ અંક-૪૬૫

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

:: સંસ્થાપક ::
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

:: માલિક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

:: પ્રકાશક અને મુદ્રક, પ્રસિદ્ધ ::
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
તીર્થધામ ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપવી ભુજ-કચ્છથી પ્રસિદ્ધ કર્યું.

:: તંત્રી ::
શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

:: સહતંત્રી ::
શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી

:: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ ::
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ માર્ગ,
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ,
ભુજ-કચ્છ પીનઃ ૩૭૦૦૦૧.
મો. ૭૫૬૭૬૦૪૦૦૦
E-mail:- sandesh@swaminarayan.faith
E-mail:- info@swaminarayan.faith
Website:- www.swaminarayan.faith



ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

## અનુક્રમણિકા

| | |
|---|---|
| તંત્રીની કલમે | ૩ |
| સત્સંગ સમાચાર-દેશ | ૧૧ |
| સત્સંગ સમાચાર-વિદેશ | ૧૯ |
| શ્રી ઘનશ્યામ બાળસંદેશ | ૨૦ |

### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

• અંક દર માસે નિયત સમયે પ્રસિદ્ધ થશે.
• પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.

**વિદેશમાં**
આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

**દેશમાં**
આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

# તંત્રીની કલમે

"દિલ એક મંદિર હૈ...દિલ એક મંદિર હૈ... પ્યારસે ઈસકી પૂજા કરે હમ્, યે પ્રિતમકા ઘર હૈ...."

આ 'દિલ' કયું, ને આ 'મંદિર' કયું ? આ 'પ્રિતમ' કયા ? પૃથ્વી પર ભૌતિક મંદિર તો અડીખમ ઊભા જ છે. 'દિલ' માનવની છાતીમાં એક મુઠ્ઠીભર રમકડું માત્ર છે.! ભૌતિક મંદિરમાં તો વિશાળતા હોય, ભગવાનની મૂર્તિઓ હોય, તેમના શણગાર અને આભૂષણો હોય, ભોજનાલય હોય, સંતો-કથાવાર્તાના મંડપો હોય, મંદિરને ઊંચું શિખર, કળશ અને ફરફરતી ધજા પણ હોય. મંદિરની દિવ્ય મૂર્તિ ભક્તોના પ્રિતમ હોય.

શ્રીસ્વામિનારાયણ ભગવાનના એકાંતિક ભક્ત કવિરાજ નિષ્કુળાનંદજીએ તેમના કાવ્ય 'નિષ્કુળાનંદ કાવ્ય' ગ્રંથના ૬૦ મા પાને પ્રબોધ્યું છે કે,

"પછી અલબેલે આગન્યા કરી, મંદિર કરવા માટ । ઈયાં મંદિર કરવું, જિયાં અમે ઢાળી છે પાટ ॥
અતિ ઉત્તમ છે આ ભૂમિકા, મોટાં ભાગ્યશાળી ભરપૂર । ઓછું માહાત્મ્ય આનું નથી, જન મને જાણેજ જરૂર ॥
જ્યાં બેસી અમે જમિયા, વળી ઢાળ્યો ઢોલિયો અમુલ્ય । જુવો વિચારી જીવમાં, કોણ આવે આ ભૂમિ તુલ્ય ॥
માયે મંદિર આંહિ આરંભો, અતિ ઉરે આણી આનંદ । થાશે સહુથી સરસ, એમ બોલિયા સહજાનંદ ॥"

આ થઇ ભૌતિક પરમાત્માની મૂર્તિની વાત જ્યાં સત્સંગીઓ આવનજાવન કરતા હોય. આ પ્રાણપ્રતિષ્ઠિત પરમાત્માનું સર્વજન હિતાય સર્વજન સુખાય પૃથ્વી પરનું સરનામું..!

ભગવાન શ્રીકૃષ્ણે સ્વમુખે અર્જુનને જે બોધ આપ્યો તે 'શ્રીમદ્ ભગવતગીતા' ના ૧૫ માં અધ્યાયના ૧૪ માં શ્લોકમાં ભગવાનને પોતાના હૃદયમાં જ મળવા તમામ જીવોને તેમના પોતાના હૃદયમાં જ મળી લેવાનું તેમનું સરનામું પણ આપ્યું જ છે..! "અહં વૈશ્વાનરો ભૂત્વા, પ્રાણીનાં દેહમાશ્રિતઃ" પ્રબોધીને સ્વયં ભગવાને જ તેમનું સૂક્ષ્મ અને વૈશ્વિક વિરાટ સરનામું પણ આપ્યું જ છે. તોયે જો પાંચ હજાર વર્ષો પહેલાંની આ દિવ્ય વાત ભૂલાઈ ગઈ હોવાથી આજના કલિયુગની શરૂઆતમાં પ્રગટ થયેલા શ્રીસહજાનંદ સ્વામી મહારાજે ફરી એકવાર સૌને જાગ્રત કરવા, શિક્ષાપત્રીમાં પણ પ્રબોધ્યું છે કે, શ્રદ્ધા-વિશ્વાસના ભાવે ધ્યાનમાં બેસીને મળ.

આધ્યાત્મિક દુનિયામાં જગવિખ્યાત થયેલ અને શિક્ષણક્ષેત્રે **P.h.d.** તજજ્ઞતાની ડીગ્રી અપાવનારા જૂનાગઢના નરસિંહ મહેતાના હાથની કરતાલની ધનધનાહટ દ્વારા ગલી ગલી ને ચોરે ચૌટે શ્રીપરમાત્માને હજુ હમણાં જ મળતા ગયા છે ને !

અને રાજસ્થાનની મહારાણી મીરાંએ તો એકતારે ટુનટુનટુન કરી, સંકીર્તન સાથે નૃત્ય કરી શ્રીકૃષ્ણને અવા સાક્ષાતકારી બનાવ્યા કે રાણાએ મોકલેલ હળાહળ ઝેર અમૃત-પ્રસાદ સમજીને જય શ્રીકૃષ્ણ કહી ગટગટાવી ગયા..! આજ મીરાંબાઇ ઘરના મંદિરને દિલના મંદિરમાં તેની પ્રત્યેક વાતચીત સમસ્યાઓને સુખદુઃખ પણ આપલે કરી લેતાં..!

તો શું માનવોના શરીરમાં બે હૃદયો છે ? હા, છે. એક ભૌતિક અને બીજું સૂક્ષ્મ. પૃથ્વી પરનો શ્રેષ્ઠત્તમ હાર્ટ સ્પેશ્યાલિસ્ટ પણ હજારો ઓપરેશન કર્યા છતાં ભૌતિક કે સૂક્ષ્મ હૃદયોમાં પ્રભુના દર્શન કરી શકતો નથી. પરંતુ પ્રભુના એકાંતિક ભક્તો હિમાલયના યોગીઓ, તપસ્વીઓ તેમની સાધના ને સમાધિમાં દર્શન કરી શકે છે. તેથી સ્વામિનારાયણના સર્વે સત્સંગીઓ પાસે હવે પરમાત્માનું સરનામું છે જ..!

"ભજન ભજો, કીર્તન કરો, સૂક્ષ્મ હૃદયે, પ્રભુ દર્શન કરો."

જય શ્રીસ્વામિનારાયણ.........................

## શિક્ષાપત્રી શ્લોક -૮૫

- હિંમતભાઈ ઠક્કર 'રઘુવંશી'

ताधुपद्रवे क्वापि वर्म नारायणात्मकम् ।
जप्यं च हनुमन्मन्त्रो जप्यो न क्षुद्रदैवतः ॥

મારા આશ્રિતો હોય તેમણે, જો ક્યારેક ભૂતપ્રેતાદિકનો ઉપદ્રવ થાય, તો નારાયણ કવચનો જપ કરવો. પણ એ સિવાય કોઈ ક્ષુદ્ર દેવના સ્તોત્ર કે મંત્રનો જપ કરવો નહિં.



ભાષ્યકાર શ્રીશતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે, આ સંસારની અંદર મનુષ્ય આધિ, વ્યાધિ અને ઉપાધીમાંથી કોઈ ને કોઈ તાપથી પીડાતો હોય છે. તો કોઈક સમયે ભગવાનના ભક્તને પણ અજાણી ઉપાધી આવતી હોય છે. જોકે દૃઢ ભગવાનના ભક્તની અંદર આ ભૂતાદિકનો ઉપદ્રવ હોય જ નહિં. ભગવાનના સાચા ભક્તથી તો ભૂતાદિક પ્રાણીઓ કંપે છે. માટે ભગવાનના દૃઢ નિશ્ચયવાળા ભક્તની અંદર આ મલિન ઉપાધીઓ હોતી નથી. છતાં પણ જો આચાર-વિચારની મલિનતા ભગવાનનો ભક્ત રાખે, તો ભક્તની અંદર પણ ક્યારેક ભૂતાદિકનો ઉપદ્રવ આવી પડે છે. જ્યારે આવી કોઈ અજાણી ઉપાધી આવી પડે, ત્યારે ભાગવતના છઠ્ઠા સ્કંધમાં કહેલા નારાયણ કવચનો જપ કરવો, અથવા તો તે ઉપદ્રવના નિવારણ માટે હનુમાનજીનો મૂલ મંત્ર તથા માળામંત્ર તેનો જપ કરવો. પણ તે સિવાય ક્ષુદ્ર દેવ-દેવીના મંત્રનો જપ કરવો નહિં. અને જો ક્ષુદ્ર દેવ-દેવીના મંત્રનો જપ કરે તો ઉપાસનાનો ભંગ થાય છે. પણ આવા દુઃખના નિવારણ માટે કષ્ટભંજન હનુમાનજીની સ્થાપના કરવામાં આવી છે. માટે હનુમાનજીની આરાધના કરવામાં ઉપાસનાનો ભંગ થતો નથી.

यदात्मानं हनुमन्तंः समाराधयिष्यति ।
आराध्याहमेवाडन्न भविष्यामि हि तेन तु ॥

રામયણમાંની આ કંડિકામાં રામચંદ્રજીનું વચન છે કે, જે હનુમાનજીની આરાધના કરશે, તો એ હનુમાનજીની આરાધના દ્વારા મારી જ આરાધના થયેલી ગણાશે. માટે હનુમાનજીની આરાધના કરવાથી બીજાની આરાધના કરેલી કહેવાતી નથી. અને એજ કારણથી ઉપાસનાનો ભંગ પણ કહેવાતો નથી. આવો અભિપ્રાય છે.

આપણા શાસ્ત્રો નિઃશુલ્કપણે માનવને જન્મથી મૃત્યુ પર્યંત શ્રીહરિના ધામ સુધી પહોંચાડવા અગણિત સમયથી વ્યસ્ત જ છે.

આ સ્થળે વિદેશોમાં વસતા ભારતીયો માટે પણ ટહૂકો કરી લઈએ. અંગ્રેજી ચલચિત્રોમાં 'ફેન્ટોમ', 'સ્પાઈડરમેન' જેવાં આનંદવિભોર કરી નાખે તેવા ચલચિત્રો બની ચૂક્યા છે. ભારતમાં પણ અંગ્રેજો આવ્યા ને હનુમાનજીના પરાક્રમો ભૂલાયા ને ફેન્ટોમ, સ્પાઈડરમેન, હલુડા, વેલુડા થવા લાગ્યા છે.! પણ તેને બનાવનારાઓ ચલચિત્ર અને જાહેરાતોમાં ચેતવણી આપે છે કે, કોઈએ આવાં પરાક્રમો જોઈને પોતાના ઘરને અગાશીમાં નખરા કરવા નહિં.! આવાં ચિત્રો માત્ર ને માત્ર કેમેરાની કરામત જ હોય છે..!

"જગતમાં જીવસૃષ્ટિ અપરંપાર,
જાણે કોણ વ્યાપ એનો આરપાર ?
ઠગારી નઠારી વાતોમાં ડૂબ્યો સંસાર ! બુદ્ધુ
ભૂતપ્રેત ન માને, વડગે રડે ચોધાર"

એક બુદ્ધિમાન લેખકની સત્ય ઘટના અત્રે લખવાનું મન જરૂર થાય છે. તેમણે સાઈઠ વાર્તાનાં પુસ્તકો પણ લખ્યા ને માનપાન પામ્યા હતા. તેમના

લગ્ન એક ખૂબ સુંદર કન્યા સાથે થયા.. અન દૂરભાગ્યે તે કન્યાને લગ્ન બાદ તરત જ કોઇ ઉપાધીના પ્રતાપે ભૂતપ્રેતનો વડગાળ થઇ ગયો. ભૂતપ્રેત વખતોવખત તેના શરીરમાં આવન-જાવન કરે ને જ્યારે જેટલા દી' તે હોય તેટલા દી' ઘર બેહાલ થઇ જાય. તે બહેન ત્યારે ૧૫-૧૭ જણનું ભોજન એક જ વખતે ખાઇ લે..! અંટમ ફંટમ કાંઇ ને કાંઇ બોલ્યા કરે..! ને આ જ સ્થિતિમાં અંતિમ શ્વાસો સુધી રહી, ત્યારે પેલા બુદ્ધિમાન લેખકે કબુલ્યું કે ભૂતપ્રેત જેવું કાંઇક તો છે..!

ભૂતપ્રેતનું કોઇ એડ્રેસ-સરનામું નથી હોતું પરંતુ હનુમાનજીનું સારનામું પ્રત્યેક સ્વામિનારાયણ મંદિરને દ્વારે હોય જ છે. જગતમાં જ્યાં જાવો ત્યાં..!

શ્રીહરિને બધી જ જાણકારી છે કે, ભૂતપ્રેતને કેમ ભગાડાય. તેથી જ તેમણે શ્રીભાગવતજીના છઠ્ઠા સ્કંધમાં નારાયણ કવચ અને શ્રીરામયણજીમાંથી વિઘ્નવિનાયક હનુમાનજીની આપણને સૌને રૂબરૂબ મુલાકાત જ કરાવી આપી.

ઘરના વડીલ માતા-દાદી પણ આ ભૂતપ્રેતની વાર્તા તેમનાં નાના બાળકોને આનંદ પમાડવા કરે ને તેમને સુવડાવી દે..! પણ કોઇક બાળકને રાતે ઊંઘમાં ભૂતપ્રેત દેખાય ને તે ગભરાય તો તેને હિંમત આપવા સમજાવે કે બેટા જો તારા તકીયા નીચે લે આ સૂડી મૂકી દે, તે ભૂતપ્રેત આવશે ને તો તેને કાપી નાખશે..! ને બાળક વિશ્વાસ રાખી રંગેચંગે સૂઇ પણ જાય છે.

પશ્ચિમના દેશોમાં ભૂતપ્રેતવાળી વ્યક્તિને 'ડયૂઅલ'-પર્સનાલીટી-તરીકે ઓળખાય છે. એટલે એક જ માનવ શરીરમાં બે આત્માઓ ભેળા રહેતા હોય તે.

તેથી જ શ્રીહરિ તેમના ભક્તો અને સત્સંગીઓને આવી ઉપાધી વખતે નિમ્નસ્તરના દેવ-દેવીઓ કે કોઇ ભૂવા-ભારાડી પાસે ન જવાનું સમજાવે છે.

ભૂતપ્રેતવાળી વ્યક્તિ કમાલ હોય છે. તે સાવ અભણ, અંગુઠાછાપ, બારાક્ષરી પણ ન શીખી હોય તો પણ જ્યારે ભૂતપ્રેત તેનામાં જાગે ત્યારે હિન્દી, અંગ્રેજી, ફ્રેન્ચ ને ઊર્દુ-ફારસી ને પણ દમદમાટથી તડતડાવી દેતી હોય છે..!

"તર્ક-કુતર્કમાં રાચી ભટકાયા કરતાં,
ભજો નારાયણ કવચ હનુમાન મંત્ર;
સુડી માનો કે બંદુકની ગોળી,
મનને દઢ કરે તે જ આપણો બેલી."

શ્રીહરિ અને સ્વામિનારાયણ ધર્મ માનવજીવનના ઊંડા તળિયે જઇને તેને ધરમૂળથી સ્વચ્છ, સ્વસ્થ, તંદુરસ્ત અને અન્યો માટે આદર્શ પણ કરે છે.

"અનંત બ્રહ્માંડના સાકારી, પરમાત્મા તો છે !
મૂર્તિનું માધ્યમ છે આકારી, ને જીવાત્મા છે
વિકારી..!"

- હર્ષાબેન મુકેશભાઇ ભટ્ટ
સંસ્કારનગર-ભુજ

## ગર્વથી કહો હું સત્સંગી છું

ભારત અધ્યાત્મ ભૂમિ છે. જ્યાં સ્વંય ભગવાન અવતાર ધારણ કરેલ છે. તેમજ તેને ધારી રહેલા અનેક સંત-મહાત્માઓ અને હરિભક્તો થયા છે. તે પુણ્યશાળી ધરતીપર જન્મ થયો એ સદ્ભાગ્ય છે. તેથી પુરતું નથી પરંતુ હરિભક્તના ઘરે અને સત્સંગમાં જન્મ થયો એ પરમ સૌભાગ્ય છે.

જેવી રીતે કોઇપણ દેશનાં નિતિ-નિયમ અને કાયદાને અનુસરીને રહેવાથી તે દેશના કહેવાઇએ છીએ તેવીજ રીતે સત્સંગમાં જન્મ થયો તે પુરતું નથી પણ તે માટે સ્વામિનારાયણ સંપ્રદાયમાં નિતિ-નિયમોને અચૂકપણે અનુસરવું પડે. માત્ર કંઠી પહેરી, તિલક કરવું કે જય સ્વામિનારાયણ બોલવાથી સત્સંગી નથી થવાતું. શિક્ષાપત્રી અનુસાર આપણું જીવન વર્તન હોવું જોઇએ. નિયમ, નિશ્ચય, પક્ષ અને મહાત્મ્યજ્ઞાને

સહિત નિષ્કામ ભક્તિ કરવાથી સારા અને સાચા સત્સંગી બની શકાય.

સંપ્રદાય એ આપેલ અગિયાર નિયમો બરાબર પાળવા પડે. સત્સંગિજીવનમાં આપેલ ધર્મ સર્ગ અને અધર્મ સર્ગને ઓળખી ધર્મ સર્ગ મુજબ રહેવું પડે તો જ પાકા સત્સંગી બની શકાય. આ પ્રમાણે જીવન જીવવાથી શ્રીજીમહારાજ કહેશે કે "આ મારો સત્સંગી છે, તેમજ એકાંતિક ભક્ત છે. તેનાં યોગક્ષેમનું વહન કરનાર હું જ છું. કાળ, કર્મ કે માયાની કોઈ તાકાત નથી કે મારા ભક્તોને કોઈ આવરણ કરી શકે." આવી રીતે મહારાજનો રાજીપો મેળવી શકાય.

આપણા સંપ્રદાયમાં સંતોનું જેટલું મહત્ત્વ છે તેટલું જ એકાંતિક ભક્તોનું છે. આપણે ઈતિહાસ જોઈએ તો દાદાખાચર, પર્વતભાઈ, જીણાભાઈ, માંચાખાચર, લાડુબા, જીવુબા વગેરે ઉત્તમ ભક્તો થયા. તેઓ સ્વંય પરમ ભક્તો હતા જ પરંતુ તેમના યોગમાં આવેલા હજારો લોકો પરમ ભક્ત બન્યા છે. આપણા સત્સંગી હોવાનું ગર્વ એ છે કે સત્સંગીના ગોળાનું પાણી પીવાથી કે તેના રોટલા જમવાથી હજારોને ભગવાન ઓળખાણા છે અને આજે પણ ઓળખાય છે. એ માટે આપણને ગર્વ થાયતે સ્વાભાવિક છે એટલે જ કહી શકાય કે હું સત્સંગી છું.

જય શ્રીસ્વામિનારાયણ...

## ઇષ્ટદેવમાં શ્રદ્ધા

- રમેશભાઈ પુજારી - દયાપર

આપણે આપણા ઈષ્ટદેવમાં શ્રદ્ધા હોવી જરૂરી છે. જ્યાં ત્યાં માથાં ભટકાવવાથી મોક્ષ થતો નથી. અને મોક્ષ જોઈતો હોય તો આંખો બંધ કરીને આપણે મળેલા શ્રીનરનારાયણદેવમાં નિષ્ઠા રાખીશું તો મોક્ષ આપમેળે થઈ જાય છે. સંતો અને શાસ્ત્રો એમ કહે છે જેને સંસારમાં સુખી થવું હોય. સંતોષથી જીવવું હોય. શાંતિથી જીવન પસાર કરવું હોય તો એક ઈષ્ટદેવમાં શ્રદ્ધા રાખવી. ઈષ્ટદેવ એક જ હોય. નમસ્કાર બધે કરો. આદર સહુનો આશરો એક નો. જેને પોતાના ઈષ્ટદેવ ઉપર શ્રદ્ધા હોય તો સુખ આવે કે દુઃખ આવે પણ કોઈ દિવસ મન ચલાયમાન ન થાય. અસહ્ય બિમારી હોય તો એ દવા કરશે. ઔષધી કરશે એમને મનમાં એમ થશે કે ભગવાનની દયાથી મટી ગયું. પ્રભુની કૃપાથી રોગ મટી ગયો. ભગવાનની ઈચ્છા હતી ત્યાં સુધી તકલીફ પડી એમની ઈચ્છા હશે એટલે હવે સારું થઈ ગયું એ શ્રદ્ધા. આપણા સંપ્રદાયમાં કલા ભગતની વાત જાણીતી છે.

કડી તાલુકાના કુંડાલ ગામના કલા ભગતે ધગધગતો લોખંડનો ગોળો હાથમાં લઈને ખેતરના શેઢે ચક્કર મારવાની પરીક્ષા વખતે ભગવાનને પ્રાર્થના કરી કે, હે દયાળુ ! હે પ્રભુ ! મારે બીજું કાંઈ જોઈતું નથી પણ મને આ પરીક્ષામાંથી પાર ઉતારજે. સ્વામિનારાયણ ભગવાને ભગતના હૃદયમાં પ્રેરણા આપી અને કલા ભગતે ધગધગતો લોખંડનો ગોળો હાથમાં પકડી ખેતરના શેઢે ચક્કર માર્યા. અને જ્યાં ગોળો નીચે નાખ્યો તો ઘાસ સળગવા માંડ્યું. પણ કલા ભગતના હાથમાં દાઝવાના કોઈ ડાઘ કે ફોલ્લાં ન પડ્યા. સ્વામિનારાયણ ભગવાને આ રીતે કલા ભગતની રક્ષા કરી અને તેનું ખેતર પણ જતું બચાવ્યું. આ હતી ભગતની સાચી નિષ્ઠા. એવી જ રીતે આપણને પણ આપણા ઈષ્ટદેવ ઉપર સાચી નિષ્ઠા હશે તો આપણને પણ સંકટમાંથી પાર ઉતારશે.

જય શ્રીસ્વામિનારાયણ...

# સદાય સુખિયા રહેવાનુંમં રહસ્ય

- મહાદેવ ધોરિયાણી

'વચનામૃત' એ શ્રીજીમહારાજની પરાવાણીનો અદ્ભુત ગ્રંથ છે. ગઢડા અંત્ય ૮ માં વચનામૃતમાં શ્રીજીમહારાજે મુનિમંડળને પ્રશ્ન પૂછ્યો જે, "ભગવાનનો ભક્ત હોય તેને એવો કયો ઉપાય છે જે જેણે કરીને સદા સુખી રહેવાય ?" સંતોએ જેવું સમજાયું તેવો ઉત્તર કર્યો, પછી શ્રીજીમહારાજે કહ્યું કે, "ભગવાનના ભક્તને એક તો દઢ વૈરાગ્ય હોય અને બીજો અતિશય દઢ સ્વધર્મ હોય અને જેણે એ સાધને કરીને સર્વે ઈન્દ્રિયોને જીતીને પોતાને વશ કર્યા હોય... એવા જે લક્ષણો હોય તે આ લોકને વિષે તથા પરલોકને વિષે સદાય સુખિયો રહે છે, નહિતર દુ:ખિયો રહે છે. તાત્પર્ય એ છે કે, પોતાની ઈન્દ્રિયોને જીતીને વશ કરે તે જ સદા સુખિયો રહે છે."

ગઢડા અંત્યના ૩૮ માં વચનામૃતમાં ઉલ્લેખ છે કે, "એક દ્રવ્યાદિકનો લોભ તથા સ્ત્રીને વિષે બેઠાઊઠ્યાની વાસના તથા રસને વિષે જિહ્વાની આસક્તિ તથા દેહાભિમાન તથા કુસંગમાં હેત રહી જાય તથા સંબંધીમાં હેત હોય એ છો વાનાં જેને હોય તેને કોઈ દિવસ જીવતે ને મરીને પણ સુખ તો કયારેય થાય જ નહિ, માટે જેને સુખ ઉચ્છવું હોય તેને એવા સ્વભાવ હોય તે ટાળવા જોઈએ.."

ટૂંકમાં શ્રીજીમહારાજે આ વાત વચનામૃતોમાં સુખ-દુ:ખની પરિભાષા સુપેરે સમજાવી છે. જો કે સુખ-દુ:ખનું તત્ત્વજ્ઞાન સમજવું ઘણું કઠીન છે. દેહસુખ એ ભોગસાધના છે, આત્મસુખ એ યોગસાધના છે. દેહ પ્રતિ અનાસક્તિ આવે તો જ દુ:ખનું મૂળ ટળે અને સુખિયા થવાય. દુ:ખ સહન કરીને પણ ધર્મનું પાલન કરવું જોઈએ. દુ:ખનું કારણ પૂર્વભવનાં પાપ છે. દુ:ખ તો આપણા સુખ માટે આવ્યું છે. આપણા કરેલાં પાપને બાળવા આવ્યું છે, માટે ધીરજ રાખી ભગવાન ભજી લેવા.

અરે ! દુ:ખથી ડરો છો શાને ? રાત પછી કદાપિ રાત આવતી જ નથી, પણ પ્રભાતને પ્રકાશવું જ પડે છે, તેમ દુ:ખમાં સમતા રાખવાથી ફરી સુખ આવે છે. સુખ એ બે દુ:ખો વચ્ચેનો મધ્યાંતર (ઈન્ટરવલ) છે. દુ:ખથી ડરવું તે દુર્ગુણ છે, પાપથી ડરવું તે સદ્ગુણ છે. દુ:ખિયાની સેવા કરાનારના અંતરમાં વસવા ભગવાન પણ ઝંખે છે. દુ:ખ ભગવાનનો અભિશાપ નહિ પણ વરદાન છે. દુ:ખીને મદદ કર્યાનો બદલો પ્રભુ અચૂક આપી રહે છે.

લોરેન્સના શબ્દોમાં કહીએ તો, 'ભગવાનના સાનિધ્યમાં રહીનો જીવન વિતાવવાની જે મજા છે, જે સુખ છે તેની તુલના કોની સાથે થઈ શકે ? તે અનુપમ મજા છે.' જેણે ભગવાનની ભક્તિનો આનંદ માણ્યો છે, મૂર્તિનું સુખ ભોગવ્યું છે, સ્વાદ ચાખ્યો છે, તેને સંસારની કોઈપણ ચીજનું પછી આકર્ષણ રહેતું નથી. ભાવોનું ઊર્ધ્વીકરણ થવા લાગે છે, તેમ ઈન્દ્રિયોની ચંચળતા ઓછી થાય છે. ભગવાનની જે નિષ્કામ ભક્તિ કરે છે તે સિદ્ધિઓથી પણ શ્રેષ્ઠ સુખ પામે છે. ભગવાનને સાથે રાખીને સુખ ભોગવે તે કદી દુ:ખી થતો નથી. જો ભવ્ય જીવનના સ્વામી બનવું હોય તો જીવતરમાં આવતાં અનિવાર્ય એવાં દુ:ખોના સ્વાગત માટે સહર્ષ તૈયાર રહેવું પડશે, ભૌતિક સુખોમાં લીન ભવાંતરમાં દુ:ખી અને દીન બને છે. મનુષ્ય પોતાના 'નિયમ' અને 'નિશ્ચય' ને વળગી રહે, તો કદાચ થોડો સમય દુ:ખ કે તકલીફ વેઠવી પડે,પણ અંતે સુખ અને સફળતા મેળવેજ છે.

માણસને સુખ-સંપત્તિ નહિ, દુ:ખ વિપત્તિ જ સારી રીતે ઘડે છે. માણસ જે જે કામનાઓ તજી દે છે, તે તેના સુખમાં વૃદ્ધિ કરે છે, પણ કામનાઓની પાછળ ફરનારો માણસ પોતાનો જ વિનાશ નોતરે છે. માનસિક સમતુલાની ગુરુચાવી છે સ્વાધ્યાય, સંતસમાગમ અને સત્સંગ. ગીતાકાર વળી દુ:ખને સમાન ગણવા "સુખદુ:ખે સમાકૃત્વા લાભાલાભૌ જયાજયૌ.."નું પ્રબોધન કરે છે.

ગીતાનો પહેલો અધ્યાય 'અર્જુન-વિષાદયોગ' ખરેખર તો અર્જુનનો નહિ, આપણા બધાનો-માનવજાતનો વિષાદ છે. જીવનમાં દુઃખની ભવાઈ પણ 'વિષાદયોગ' વિના જામતી નથી. સુખની ક્ષણો હોય છે અને દુઃખના દહાડા! અંગ્રેજીમાં કહેવત છે કે, **'No Gaim Without Pain'**

## ધર્મ જાતા ધન જાય

રસીકલાલ રા. ગોળવિયા - સુરત- વેળાવદરવાળા

ધર્મો રક્ષતિ રક્ષિતઃ ધર્મનું ધારણ કરવાથી યાને કે ધર્મનું રક્ષણ કરવાથી ધર્મ આપણું રક્ષણ કરે છે. ધર્મથી ઉન્નતિ અને મુક્તિ મળે છે. સાચી શાંતિ ધર્મ ધારણમાંજ રહેલી છે. મનુષ્યમાત્રને ધર્મનું પાલન કરવું જોઈએ. ધર્મ ગયો તો બધું ગયું. એક સમયે મહારાજના સ્વધામ ગમન પછી ગોપાળાનંદ સ્વામી જેમને મહારાજે બંને આચાર્યોના કાંડા સોંપ્યા હતા. અને જેમને સારાયે સત્સંગ-સંપ્રદાયને રખેવાળી અને નિતિનિયમ એટલે કે ધર્મનિયમમાં રાખવાની જવાબદારી સોંપીને મહારાજ ગયા હતા. મોટા સંતોને ભક્તોને પણ ગોપાળાનંદ સ્વામીની આજ્ઞામાં રહેવાનું કહેલું હતું. જે ગોપાળાનંદ સ્વામી એક વખત વસો ગામમાં બિરાજમાન હતા તે વખતે ત્યાં કારિયાણીના માચાખાચરના ભત્રીજા વસ્તાખાચર જેમના દરબાર અને જેમના નામના કારિયાણીના વચનામૃતો છે તેઓ સ્વામીના દર્શને આવ્યા હતા.

વસ્તાખાચરે ગોપાળાનંદ સ્વામીના દર્શન કરી હાથ જોડી પુછ્યું કે, હે સ્વામી! ઓગણોતેરના કાળમાં (મહારાજ સતા ભયંકર કાળ પડેલો) અમારા ઘરમાં એક લાખ રૂપિયા રોકડા હતા, ૫૦૦ મણ અનાજ કાયમ ઘરમાં રહેતું હતું, ૫૦ ભેંસો દુજણી હતી. શ્રીજીમહારાજ અને ૫૦૦ પરમહંસો વારંવાર પધારતા અને ઘણાંક દિવસો સુધી રહેતા અને તે વખતે સંસાર વ્યવહારના, જીવન વ્યવહારમાં આર્થિક રીતે કોઈ વાતની કચાશ ન હતી અને આજે ઘરમાં કશુ નથી દાળોદર આંબી ગયું છે તેનું શું કારણ?

ત્યારે સ્વામી બોલ્યા કે, હે વસ્તાખાચર જ્યારે શ્રીજીમહારાજ ઘેરથી નીલકંઠવર્ણીરૂપે ઘેરથી વનવિચરણમાં નિકળ્યા ત્યારે સરયુ નદીના કાંઠે જ સર્વે દેવી-દેવતાઓ, રિદ્ધિસિદ્ધિઓ સહિત પધારી શ્રીજીમહારાજને પ્રાર્થના કરેલી કે આપ અમારા સ્થાનમાં પધારો. અમારી સેવા અંગીકાર કરો. ત્યારે શ્રીજીમહારાજે કહેલું અત્યારે નહીં મારે જરૂર પડશે ત્યારે જરૂર તમારી સેવા અંગીકાર કરીશું તમોને બોલાવીશું.

પછી મહારાજ સત્સંગમાં આવ્યા અને ગઢપુરમાં સ્થિર થયા. સત્સંગ પ્રચાર પ્રસાર કરવા પોતાના ભક્તજનોને સુખ દેવા અને મનોરથો પૂર્ણ કરવા દેશદેશાંતર ફરવા લાગ્યા. અને મોટા મોટા યજ્ઞો કરાવ્યા. મંદિરો કરાવ્યા. અનેક સંતો કર્યા, ગ્રંથો રચ્યા દાદાખાચર, સુરાખાચર, જીવાખાચર, માચાખાચર, ઝીણાભાઈ, જોબનપગી, પુંજાભાઈ વગેરે દરબારો દ્વારા સત્સંગની, સંતોની સુશ્રૂષા કરાવી, ઉત્સવો સમૈયા કરાવી ઘણુંજ ધન વપરાવ્યું. વાવ-કુવાઓ ગળાવી સમાજસેવાના કામ કરાવ્યા તે બધુંજ દ્રવ્ય મહારાજની કૃપા અને ઈચ્છાથી દરેક દરબારોને અનેક રીતે (જે મહારાજના એકાંતિક ભક્તો હતા) આપી ગયેલ દશ દિગ્પાળ અને અષ્ટસિદ્ધિઓ દરેકને ત્યાં ગુપ્ત રીતે મહારાજની ઈચ્છાથી કામ કરી રહ્યા હતા. અને મહારાજ આ પૃથ્વી ઉપર રહ્યા તે દરબારો આ પૃથ્વી ઉપર રહ્યા ત્યાં સુધી દ્રવ્ય રહ્યું.

હવે તમારી હાજરીમાં તમારી પ્રજા તમારી સામેજ ધર્મમાં ન રહી એટલે બધું દ્રવ્ય જતું રહ્યું. અને જે ગયું તે મહારાજનું આપેલું હતું તે તમારા પુત્રો ધર્મમાં ન રહેતા મહારાજે પાછું ખેંચાવી લીધું. જે ગયું તે તમારું કાંઇ ન હતું, ધર્મ ગયો માટે ધન ગયું.

## I AM THE ORIGIN OF ALL EMOTIONS

-Swami Harivadan Dasji -Bhuj

बुद्धिर्ज्ञानमसम्मोहः क्षमा सत्यं दमः शमः।
सुखं दुःखं भवोऽभावो भयं चाभयमेव च॥
अहिंसा समता तुष्टिस्तपो दानं यशोऽयशः।
भवन्ति भावा भूतानां मत्त एव पृथग्विधाः॥
भगवद्गीता १०.४-५

How should a seeker or devotee see the world? He should see that whatever action, substance or event etc. is in the world, it is all under the control of God. Whether it is creation or destruction, whether it is favourable or unfavourable, whether it is birth or death, whether it is heaven or hell, all this is God's wish. Whatever is happening in the world is only by His will. Auspicious and Inauspicious are happening. All feelings or emotions in the world, all of them are God's creation. Even a dry leaf cannot move without God's will. In this way, the seeker or devotee should worship God by understanding him with the true knowledge.

In these two verses of the Gita, Lord Krishna says, "I am the origin of all emotions, they are born of me." There are twenty types of emotions in all living beings, out of which twelve emotions are one each (alone) and all of them arise in the Antah-karana(inner-conscience) they are, BUDDHI (intelligence), GYAAN (knowledge), ASAMMOH (detachment), KSHAMA (forgiveness), SATYA (truth), DAMAH (repression), SHAM (mitigation), AHIMSA (non-violence), SAMTA (parity), TUSTI (satisfaction), TAP (penance) and DAAN (donation). Four emotions are the results of the past deeds of the living beings they are, BHAV (existence), ABHAAV (non-existence), YASH (fame) and APYASH (infamy). Four emotions are the results of intelligence and stupidity they are, SUKH(Happiness), DUKH (sorrow), BHAY (fear) and ABHAY (fearlessness).

BUDDHI (बुद्धिः) - Skills in discrimination between suitable and unsuitable tasks. Recognition and understanding of the difference between one thing and another. The attitude that decides about the objective is called "Buddhi".

GYAANAM (ज्ञानम्) - Knowledge means to understand the difference between God, soul, spiritual, physical, world etc. This knowledge (Vivek) has been given to every human being by God.

ASAMMOH (असम्मोहः) - Knowing that the body and the world are perishable and yet having the feeling of "I" and "mine" in them is called "Sammoh" and not having that kind of feeling is called "Asammoh".

KSHAMA (क्षमा) - No matter how big a

crime someone commits against us, tolerating it despite of our capability and thinking that the sinner or wrongful person should not be punished anywhere in this world or other world by us or by God is called "Kshama".

SATYAM (सत्यम्) - Speaking clearly for the attainment of the Truth i.e. as heard, seen and understood. According to this, sacrificing one's own selfishness, pride and ego and speaking neither more nor less for the benefit of others is called "Satyam".

DAMAH - SHAMAH (दमः - शमः) - Removing or distracting the senses from their objects for the purpose of attaining God is called "Damah", and removing the mind from worldly thoughts is called "Shamah".

SUKHAM - DUKHAM (सुखं - दुःखं) - The happiness that we feel in our heart when we get favourable situations for our body, mind and senses is called "Sukham" and the unhappiness that we feel when we get unfavourable situations is called "Dukham".

BHAVAH - Abhaavah (भवः - अभावः) - The presence or to be born from the origin of the worldly objects, persons, events, situations, emotions etc. is called "Bhavah" and the absence or to be absorbed into the origin of all this is called "Abhaavah".

BHAYAM - ABHAYAM (भयम् - अभयम्) - The fear of harm in the mind due to one's behaviour, emotions or by actions. A person lives with the fear of being harmed by going against the rules of the Scriptures and the public dignity or norms is called "Bhayam". One's behaviour, emotions or actions are good, He doesn't hurt anyone, doesn't behave against the principles of the scriptures and the saints, he doesn't have any intention of harming anyone in his heart. That is, he doesn't have fear of anyone. This is called "Abhayam".

AHIMSA (अहिंसा) - Do not harm any living beings in any situation by our body, mind and words, at any place or any time.

SAMTA (समता) – Do not have any oddity in your mind even after receiving various favourable or unfavourable objects, persons, circumstances etc.

TUSTI (तुष्टि) - Means being satisfied even if there is more need and if there is less than, not desire to get more is called "Tusti". The meaning is that whether you get something or not or less or more etc. Being happy in all circumstances is "Tusti".

TAPAH (तपः) - So whatever hardships or adverse circumstances come while performing one's duty, enduring them all with courage is called 'tapasya'. Performing vrat on Ekadashi, Janmashtami, Ramnavami etc. is also called tapasya.

DAANAM (दानं) - Giving a part of your pure earnings to a deserving person happily without any expectation of any reward or favour is called "Daan".

YASHAH - APYASHAH -यशः - अपयशः - The name, fame and praise is given to a person in the world due to his good conduct, sentiments and qualities is "Yash". The bad reputation that a

person gets in this world due to his bad conduct, feelings and faults is called infamy means "Apyash".

Sri Krishna says that all these qualities manifest in humans only through their thoughts. Hence, he is the source of all good and bad natures in living beings. This can be likened to the electric power supplied by the power house being used by various gadgets. The same electric power passing through different gadgets creates different effects. It creates sound in one, light in the other, and heat in the third. Although the manifestations are different, their source is the same electric supply from the powerhouse. Similarly, the energy of God manifests in us positively or negatively according to our puruṣhārth (the actions we perform by exercising our freedom of choice) in the present and past lives.

भवन्ति भावा भूतानां मत्त एव पृथग्विधाः – Lord Krishna says:- These various kinds of emotions of living beings arise from me only, that means, they all got existence, inspiration, power, support and light by me. I am only the root of everything.

## સત્સંગ સમાચાર - દેશ

### ભુજ પ્રસાદી મંદિરે ગણેશ ચતુર્થી મહોત્સવ ઉજવાયો

દિનાંક. ૭/૯/૨૪ શનિવાર પ્રસાદી મંદિર ભુજમાં ભાદરવા સુદ ચતુર્થીના રોજ સવારે ગણપતિજીનું પૂજન કરવામાં આવ્યું હતું. અને શનિવાર હોવાથી સુખપરના હરિભક્તો મંડળી લઈ આવ્યા હતા અને સમૈયો કરેલ હતો. અને સાંજે વિશેષ પૂજન સાથે મહાઆરતી કરવામાં આવી હતી અને પ્રસાદ વિતરણ બાદ સૌ વિદાય થયા હતા. ગણપતિ પૂજનના યજમાન પ.ભ. અ.નિ. પ્રોફેસર ભુપેન્દ્રભાઈ નટવરલાલ દેસાઈ હસ્તે ધ.પ. દિપ્તીબેન, સુપુત્ર રાજીવભાઈ રહ્યા હતા. જયારે સમૈયાના યજમાન પ.ભ. કાનજીભાઈ હરજી પિંડોરીયા, ધ.પ. રતનબેન સુખપર-રોહા રહ્યા હતા. ત્રણ દિવસ બાદ ગણેશજીનું વિસર્જન કરવામાં આવેલ હતું.

### હમીરસરોવર પૂજન

દિનાંક.૮/૯/૨૪ રવિવાર શ્રીઘનશ્યામ મહારાજના પંદરમાં વાર્ષિક પાટોત્સવ ઉપક્રમે ભાદરવા સુદ-૫ ના રોજ શ્રીજીમહારાજની પ્રસાદીભુત હમીરસરોવરનું પૂજન તથા મહાઆરતી કરવામાં આવી હતી. પ્રસાદીની



ફૂલવાડીમાં સભાનો કાર્યક્રમ રાખેલો હતો કથા પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજીએ સંભળાવી હતી. આજના પૂજનમાં ગામ નારાણપર



નીચલાવાસથી કચ્છ શ્રીનરનારાયણદેવ યુવતી મંડળની બહેનો અને ગામ નારાણપરના મહંત વાલબાઈ ફઈ સહિત ઘણા બધા સાં.યો. બહેનો લાભાન્વિત થયાં હતાં. સદ્‌ગુરુ સ્વામી



મુકુંદજીવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી હરિબળદાસજી આદિ સંતોની ઉપસ્થિતિમાં યજમાન પ.ભ. કુંવરજીભાઈ દેવરાજ વેકરીયા ધ.પ. શાંતાબેન પરિવાર વતી નારાણપર નીચલાવાસના પ.ભ.રામજીભાઈ દેવજી વેકરીયા સહિત હરિભક્તો તથા યુવાનો જોડાઈ પૂજન સાથે મહાઆરતી કરી હતી.

## ભુજ પ્રસાદી મંદિરે ત્રિદિવસીય પારાયણ

તા.૯ થી ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૪ દરમિયાન પ્રસાદી મંદિરમાં ત્રણ દિવસની શ્રીપુરુષોત્તમપ્રકાશ ગ્રંથની પારાયણ રાખવામાં આવેલ હતી. જેના વક્તા પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજી તથા શાસ્ત્રી સ્વામી આનંદમુનિદાસજી રહ્યા હતા. યજમાન પરિવારને સદ્‌ગુરુ સ્વામી હરિબળદાસજીએ રૂડા આશીર્વાદ



સાથે ભલામણ કરી હતી. યજમાન પરિવારને મંદિર તરફથી પહેરામણી કરવામાં આવી હતી. ગોડપર તથા ભુજના સાં.યો. બહેનો પધારી યજમાન બહેનોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. યજમાન પ.ભ. નારાણભાઈ દેવજી કાબરીયા, ધ.પ. જશુબેન, સુપુત્ર હરીશભાઈ, ધ.પ. કૃપાલીબેન, પૌત્ર આયુષ, પૌત્રી ધ્યાની, સુપુત્ર જીગ્નેશભાઈ, ધ.પ. મનિષાબેન, પૌત્ર અહન, માહી સપરિવાર ગોડપર રહ્યા હતા. કથાના છેલ્લા દિવસે રાધાષ્ટમી હોવાથી બપોરે ૧૨ વાગ્યે રાધાજીની આરતી મહાઆરતીના રૂપમાં કરવામાં આવી હતી.

અહેવાલ - કોઠારી સ્વામી રામાનુજદાસજી

## શ્રીસ્વામિનારાયણ મંદિર અંજાર દ્વારા ઉજવાયેલ શ્રીકૃષ્ણ જન્મોત્સવ તથા શ્રી ગણેશ મહોત્સવ

અંજાર મંદિરમાં સદ્‌ગુરુ પુરાણી સ્વામી શ્રીહરિદાસજી, મંડળધારી શાસ્ત્રી સ્વામી ગોલોકવિહારીદાજી, શાસ્ત્રી સ્વામી ભક્તિપ્રિયદાસજી, કોઠારી પુરાણી સ્વામી દેવસ્વરૂપદાસજી, કોઠારી શાસ્ત્રી સ્વામી શ્રીરંગદાસજી આદિ સંતોના સાનિધ્યમાં વિવિધ ઉત્સવો ઉજવાયા હતા.

શ્રીકૃષ્ણ જન્મોત્સવ :- શ્રાવણ વદ-૮ તા.૨૬/૮/૨૦૨૪ ના દિવસે જન્માષ્ટમી હોવાથી ભગવાન શ્રીકૃષ્ણનો જન્મોત્સવ ખૂબ ધામધૂમથી ઉજવાયેલ હતો. જેમાં રાત્રે ૯ વાગ્યે સ્વામી પ્રેમવલ્લભદાસજીએ કથામૃતનું પાન કરાવેલ હતું.

ત્યારબાદ શાસ્ત્રી સ્વામી ગોલોકવિહારીદાસજીએ મંદિરમાં સેવાભાવી હરિભક્તોને નવાજ્યા હતા. આ વર્ષે પ્રથમવાર ૧૦૮ મટકી ફોડનું આયોજન કરાયું હતું. જેમાં સર્વે યજમાનશ્રીઓ દ્વારા ૧૦૮ મટકી તેમના હસ્તે ફોડાવી હતી અને મટકીમાંથી ગીફ્ટ નીકળેલ તે પણ યજમાનશ્રીઓને યાદગીરી સ્વરૂપે અર્પણ કરવામાં આવેલ. ચારે બાજુ હર્ષોલ્લાસનું વાતાવરણ જામ્યું હતું. ત્યારબાદ મહામંત્રની ધૂન, રાસોત્સવ ૧૨ વાગ્યે શ્રીકૃષ્ણ જન્મોત્સવની આરતી વડીલ સંતોએ ઉતારેલ તથા રાત્રે ૧૨-૧૫ વાગ્યે મટકીફોડના આયોજનો સથવારે નંદનંદન ભગવાન શ્રીકૃષ્ણનો જન્મોત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવાયો હતો. સર્વે હરિભક્તોને પંચાજીરી તથા પંચામૃતના પ્રસાદ અપાયો હતો.

શ્રીમહાદેવજીની રુદ્રી એવં મહાઆરતી :- શ્રાવણ માસની અમાવાસ્યા દિવસે તા.૩/૯/૨૦૨૪ શિવપૂજન સમાપ્તિ હોવાથી મંદિરમાં રાસોત્સવ યોજાયો હતો. નાની નાગલપરના હરિભક્તો વાજીંત્રો સાથે ઠાકોરજીની શોભાયાત્રા તથા ઉત્સવ કરેલો હતો. સંપૂર્ણ શ્રાવણ માસમાં શિવજીનો અભિષેક સાથે પૂજન કરવામાં આવ્યું હતું. જેનો બહોળી સંખ્યામાં હરિભક્તોએ લાભ લીધેલ.

શ્રીગણેશ મહોત્સવ :- ભાદરવા સુદ-૪ તા.૭/૯/૨૦૨૪ ના દિવસે ગણપતિજીનું પૂજન રાખવામાં આવેલ. જેમાં સાંજે ૭ થી ૮-૧૫ વાગ્યા સુધી ગણેશ પૂજન તથા સંતો-યજમાનશ્રીઓ દ્વારા આરતી યોજાયેલ. ગણેશ ઉત્સવના દર્શન કરવા માટે મોટી સંખ્યામાં હરભક્તોએ લાભ લીધો હતો. દરેકને ચુરમાના લાડુનો પ્રસાદ આપવામાં આવેલ.

ઉપરોક્ત કાર્યક્રમોને સફળ બનાવવા માટે અંજાર મંદિરના મંડળધારી શાસ્ત્રી સ્વામી ગોલોકવિહારીદાસજી, શાસ્ત્રી સ્વામી ભક્તિપ્રિયદાસજી, કોઠારી સ્વામી દેવસ્વરૂપદાસજી તથા શ્રીરંગદાસજી આદિ સંતો તથા કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળના સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

અહેવાલ - ઠક્કર મેહુલભાઈ પ્રવિણચંદ્ર-અંજાર

## શ્રી સ્વામિનારાયણ મંદિર રાપર મધ્યે શ્રીમદ્ ભાગવત એવં હિંડોળા મહોત્સવ

મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી અ.નિ.મહંત સદ્‌ગુરુ સ્વામી હરસ્વરૂપદાસજીના મંડળના વર્તમાન મંડળધારી સદ્‌ગુરુ સ્વામી દેવપ્રકાશદાસજીની આજ્ઞાથી રાપર મંદિરમાં સૌ પ્રથમવાર અષાઢ સુદ એકાદશી તા.૧૭/૭/૨૦૨૪ થી તા.૨૬/૮/૨૦૨૪ જન્માષ્ટમી સુધી ૪૧ દિવસ શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ શ્રીકૃષ્ણ ચરિત્રામૃત જ્ઞાનયજ્ઞ મહોત્સવનું આયોજન થયું હતું.

જેના વક્તાપદે શાસ્ત્રી સ્વામી આનંદવલ્લભદાસજીએ સંગીતની સુરાવલી સાથે કથાનું રસપાન કરાવ્યું હતું. વિનોદભાઈ દાવડાના નિવાસ્થાનેથી ધામધૂમથી પોથીયાત્રા પ્રસ્થાન કરી મંદિરના પટાંગણ સુધી પહોંચી હતી. આ પ્રસંગે





ભુજ મંદિરથી ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સદ્‌ગુરુ સ્વામી નારાયણવલ્લભદાસજી, ભુજ મંદિરના કોઠારી



શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી, કોઠારી સ્વામી શાંતિસ્વરૂપદાસજી, સદ્‌ગુરુ સ્વામી અક્ષરવલ્લભદાસજી, પુ.સ્વામી દેવજીવનદાસજી, પુ.સ્વામી ધર્મચરણદાસજી, રાપર મંદિરનું બાંધકામ કરાવતા સદ્‌ગુરુ સ્વામી કૃષ્ણપ્રિયદાસજી તેમજ અંજાર, માંડવી, રાપર ગુરુકુળ, નારાણપર ગુરુકુળ આદિ સ્થાનોથી સંતો પધાર્યા હતા. આ પ્રસંગે શ્રીકૃષ્ણ જન્મોત્સવ, મટકીફોડ ઉત્સવ, ગોવર્ધન ઉત્સવ, રાસોત્સવ, કંસવધ, રૂક્ષ્મિણી વિવાહ જેવા અનેક ઉત્સવો





ધામધૂમથી ઉજવવામાં આવ્યા હતા.

સંગીતકાર સ્વામી નીલકંઠમુનિદાસજીએ પોતાના કંઠથી કીર્તનોની રમઝટ અને સ્વામી ભક્તિવેદાંતદાસજીએ તબલામાં તાલ પુરાવ્યો હતો. દરરોજ કથામાં ૧૮૦૦ થી ૨૦૦૦ ની સંખ્યામાં ભક્તજનો આજુબાજુના ગામોમાંથી કથા શ્રવણ કરવા માટે આવતા હતા. રાપર મંદિરના કોઠારી સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજીએ બેઠક વ્યવસ્થા તેમજ પ્રસાદની વ્યવસ્થા કરી હતી.

સતત ૪૧ દિવસ સુધી રસોડાના



હરિભક્તોએ પ્રસાદ બનાવવાની સેવા સંભાળી હતી. કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળે અન્ય સેવાકીય પ્રવૃત્તિઓ સંભાળી હતી. મંડળના સંતો તેમજ રાપર મંદિરના સાં.યો. બહેનોએ હરિભક્તોને સેવાની પ્રેરણા કરી હતી. કોઠારી સ્વામી હરિપ્રસાદદાસજીએ સંચાલન કર્યું હતું.

તા.૧૭/૭/૨૦૨૪ ના વિશેષ હિંડોળા પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભુજ, અંજાર, માંડવી, ગુરુકુળોથી સંતો પધાર્યા હતા. થર્મોકોલમાં કલાત્મક અયોધ્યા દર્શન, સારંગપુર દર્શન, રાપર મંદિર દર્શન તેમજ ૧૨ કલાત્મક હિંડોળાના દર્શન કરાવવામાં આવ્યાં હતાં. હિંડોળા બનાવવામાં રાપર મંદિરના સાં.યો. બહેનો તથા યુવતી મંડળનો ફાળો હતો. યુવક મંડળના યુવાનો મોડી રાત્રી સુધી હિંડોળા ગોઠવવાની વ્યવસ્થા સંભાળી હતી.

આ પ્રસંગે રાપર, સેલારી, ઉમૈયા, નવાપરા, પદમપર, સણવા, કલ્યાણપર, ગાગોદર આદિક ગામોમાંથી હરિભક્તો બહોળી સંખ્યામાં પધાર્યા હતા. બધાને ભોજન પ્રસાદની વ્યવસ્થા પણ અહીં જ કરવામાં આવી હતી. જે જે હરિભક્તોએ હિંડોળામાં સેવા કરી હતી તેમને સંતોએ બિરદાવ્યા હતા. યજમાનો દ્વારા અને સંતો દ્વારા ઉદ્‌ઘાટન કરી હિંડોળા પ્રદર્શનને ખુલ્લું મુકવામાં આવ્યું હતું. સમગ્ર સંચાલન શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીએ સંભાળ્યું હતું.

અ - સ્વામી આનંદવલ્લભદાસજી

**આજ દિ. ૦૮-૦૮-૨૦૨૪, ગુરુવારના શુભદિને શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજની ગૌરવંતી શૈક્ષણિક શાખા શ્રીહરિ તપોવન ગુરુકુલ ગંગાજી, રામપર - વેકરા(કચ્છ) દ્વારા કચ્છ ઈન્સ્ટિટયૂટ ઓફ વોકેશનલ સ્ટડીઝનો શુભારંભ થયો.**

આ મહાવિદ્યાલયના સ્વપનદ્રષ્ટા શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજીના અથાક પરિશ્રમ અને માર્ગદર્શન તેમજ કચ્છ યુનિવર્સિટી તેમજ વિશેષ કુલપતિ મા.ડો.મોહનભાઈ પટેલ અને રજિસ્ટ્રાર મા.શ્રી અનિલભાઈ ગોરના સહયોગે કચ્છમાં પ્રથમ વખત બી.વોક. અર્થાત બેચલર ઓફ વોકેશનના વિવિધ કોર્સ સાથે નવી કોલેજની શરૂઆત કરવામાં આવી છે.




હાલના ધોરણે B.voc food processing management, B.voc Hospitality / tourism andB.voc Retail Management જેવા કોર્સનો સમાવેશ કરવામાં આવેલ છે. કચ્છ પ્રદેશના યુવાધનને વ્યવસાયિક શિક્ષણ મળે અને કચ્છ પ્રદેશમાં રોજગારના પ્રશ્નનો કાયમી ઉપાય મળી રહે તેવા ઉત્તમોત્તમ હેતુસર આ મહાવિદ્યાલયનો શુભારંભ થયો છે.



ભારતીય સંસ્કૃતિને અનુસરતા પ્રથમ સોપાને ગુરુકુલ સ્થિત પુનિત યજ્ઞશાળામાં યજ્ઞ સંસ્કાર દ્વારા મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવ યોજવામાં આવેલ. બીજા સોપાનમાં ગુરુકુલના સંચાલક સંતો પૈકી પુરાણી સ્વામી ભક્તિવિહારીદાસજી, સ્વામી શ્યામચરણદાસજી, ટ્રસ્ટીશ્રી હરજીભાઈ વેકરીયા, વિશ્રામભાઈ કારા, વિદ્યાભારતી પશ્ચિમ કચ્છ અધ્યક્ષ મા.ડો.પંકજભાઈ શાહ, ગાય ખેતી અભિયાનના પ્રમુખ કાર્યકર્તાઓ પૈકી મા. દિનેશભાઈ સેંઘાણી, મા. અરવિંદભાઈ વાલાણી આદિ મહાનુભાવોની ઉપસ્થિતિમાં તથા કચ્છ ઈન્સ્ટિટયૂટ ઓફ વોકેશનલ સ્ટડીઝના વર્તમાન વિદ્યાર્થીઓ અને ધો. ૧૨ અર્થાત ભાવિ વિદ્યાર્થીઓ સમક્ષ મંચસ્થ દ્વારા દીપ પ્રાગટ્ય વિધિ સંપન્ન થઈ. આ મહાવિદ્યાલયના પ્રધાનાચાર્ય મા. પ્રકાશભાઈ કેરાઈએ ગુરુકુળમાં આ પ્રકારનો કોર્સ લાવવા માટે સંચાલક સંતો અને કાર્યકર્તાઓએ કેટકેટલી જહેમત ઉઠાવી અને સ્વપન સાકાર થયું તે વિશે વિસ્તારપૂર્વક સંઘર્ષગાથા કરી હતી.

ડો. પંકજભાઈ શાહે વક્તવ્ય દરમિયાન બેચલર ઓફ વોકેશન ની કચ્છમાં જરૂરિયાત, આ કોર્સ વિશે વધુને વધુ સમજ અને આ નવી પહેલને વિવિધ દ્રષ્ટાંતો દ્વારા વધાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રીહરિ વિદ્યામંદિરના પ્રધાનાચાર્ય નયનભાઈ ચાવડાએ કર્યું હતું.

## વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ આયોજિત સંસ્કૃતિ મહોત્સવ-૨૦૨૪ પશ્ચિમ કચ્છ વિભાગ દ્વારા શ્રીહરિ તપોવન ગુરુકુળ ગંગાજી ખાતે ઉજવાયો

વિદ્યાભારતી સંસ્કૃતિ શિક્ષા સંસ્થાન સંચાલિત વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ આયોજિત સંસ્કૃતિ બોધ પરિયોજના અંતર્ગત પશ્ચિમ કચ્છ વિભાગ દ્વારા સંસ્કૃતિ મહોત્સવ-૨૦૨૪ શ્રીહરિ તપોવન ગુરુકુળ ગંગાજી, રામપર-વેકરા ખાતે ઉજવાયો હતો. પ્રાતઃ નિયત સમયે મહોત્સવમાં પ્રતિભાગી ઋષિકુમાર વેશે ગુરુકુળના વિદ્યાર્થીઓએ સર્વેનું કુમકુમ તિલક દ્વારા સ્વાગત કર્યું. પ્રાર્થના મંદિરમાં એકત્ર થયા બાદ વિદ્યાલયના આચાર્ય મોહન ગુરુજીના કંઠે સંકીર્તન અને વંદના સહ ઉદ્‌ઘાટન સત્રની શરૂઆત થઈ.

મહોત્સવના આ પ્રથમ સત્રમાં તપોવનધામ સંસ્થાના પ્રમુખ સદ્‌ગુરુ શાસ્ત્રી સ્વામી વિશ્વવલ્લભદાસજી, સંસ્થા સંચાલક પુરાણી સ્વામી ભક્તિવિહારીદાસજી, વિદ્યાભારતી પશ્ચિમ કચ્છ વિભાગના ઉપાધ્યક્ષશ્રી માવજીભાઈ રાબડીયા અને કોષાધ્યક્ષ નવિનભાઈ ચાવડા મંચસ્થ રહ્યા હતા. આમંત્રિત મહેમાનો, પ્રાંત અને વિભાગના કાર્યકર્તાઓ, આચાર્ય દીદી અને ગુરુજીઓ તેમજ વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય બાદ પૂજ્ય સંતોનું અભિવાદન કરવામાં આવ્યું. સંસ્કૃતિ મહોત્સવની નયનભાઈ ચાવડાએ પ્રસ્તાવના મૂકી હતી. સ્વામી વિશ્વવલ્લભદાસજીએ ાયોજનને વધાવી આશીર્વચન પાઠવ્યા હતા.

આ મહોત્સવ અંતર્ગત પ્રતિયોગીતાઓને કુલ્લ પાંચ વિભાગમાં વિભાજિત કરવામાં આવેલ. જે પૈકી ૧-વાર્તા/કથા કથન, ૨-શીઘ્ર વક્તૃત્વ, ૩-મૂર્તિકલા, ૪-લોકનૃત્ય, ૫-પત્ર વાંચન. તમામ પ્રતિયોગિતા વિષયક સામાન્ય સૂચનો અને તેના સ્થાન વિશેની સમજ સમગ્ર મહોત્સવના સંયોજિકા શ્રીમતિ કાન્તાબેન ખેતાણીએ આપેલ. ઉદ્‌ઘાટન સત્ર પૂર્ણ થતાં જ નિયત સ્થાનોએ તમામ પ્રતિયોગિતા શરૂ થઈ. દરેક પ્રતિયોગિતામાં ચડિયાતો ઉત્સાહ સ્પષ્ટ જણાતો હતો. શ્રીમતિ હિતેશાબેન પાઠક-ભુજ, દિપાલીબેન ગોર-ભુજ, શીતલબેન આશાણી-રામપર, ચિંતનભાઈ કેરાઈ-રામપર, ઉષાબા ચુડાસમા -ભુજ અને અરવિંદભાઈ ગઢવી-મોટા લાયજા પ્રતિયોગિતાઓને નિર્ણાયક સ્થાને રહ્યા હતા.

સંસ્કૃતિ મહોત્સવને ધ્યાનમાં રાખી ગુરુકુળ પરિવાર દર વર્ષે ઉજવાતો વાર્ષિક પાટોત્સવ આજના દિવસે ઉજવવાનું નક્કી કરેલ. પાટોત્સવના ભાગરૂપે ગુરુકુળ મંદિરમાં શ્રીઠાકોરજી અન્નકૂટ થાળ આરોગતા દિવ્ય દર્શન આપી રહ્યા હતા. ગુરુકુળના પ્રાંગણમાં સ્થિત યજ્ઞશાળામાં નંદન ગુરુજી દ્વારા વૈદિક મંત્રોના ઉચ્ચારણ સાથે યજ્ઞ કરાયો હતો.

પ્રતિયોગિતાઓ પૂર્ણ થયા બાદ સમાપન સત્રમાં પશ્ચિમ કચ્છ વિભાગ મંત્રી માનનીય અરવિંદભાઈ ગઢવી, સહમંત્રી કીર્તિચંદ્ર વાડિયા અને પ્રશિક્ષણ પ્રમુખ શ્રીમતિ કાન્તાબેન ખેતાણી મંચસ્થ રહ્યા હતા. નિર્ણાયકશ્રીઓને સેવા બદલ પ્રતિક ભેટ અને ઠાકોરજીના પ્રસાદ સાથે બંધુભાવ એ જ આપણો સંકલ્પ સાથે વિજેતા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અને મેડલ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.

અરવિંદભાઈ ગઢવીએ ભારતના

સંસ્કૃતિ વારસાની ગૌરવતાને સાહિત્યિક શૈલીમાં રજૂ કરી તેમજ વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા. વિજેતા વિદ્યાર્થીઓ પ્રાંત કક્ષાએ પશ્ચિમ કચ્છ વિભાગનું નેતૃત્વ કરવા હળવદ અને અંકલેશ્વર મુકામે જવાનું છે તેની માહિતી સ્પષ્ટ કર્યા બાદ મહોત્સવના સંયોજિકા શ્રીમતિ કાંતાબેને આભાર દર્શન કરેલ. દેશી ગોમાતાના દૂધ, દહીં, છાશ, માખણ અને ઘી માંથી બનેલ પવિત્ર ભોજન પ્રસાદ ગ્રહણ બાદ સૌ વિદાય થયા હતા. યજમાન વિદ્યાલયની વ્યવસ્થાપક સમિતિના સદસ્યો પૈકી પ્રવિણભાઈ પિંડોરીયા, જીગ્નેશભાઈ આચાર્ય અને વિનોદભાઈ હાલાઈ પૂર્ણ સમય ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સુશોભન શ્રીહરિ વિદ્યામંદિરના મહિલા આચાર્યાઓએ કરેલ હતું.

અ - નિરવભાઈ ઉપાધ્યાય (શ્રીહરિ વિદ્યામંદિર, રામપર-વેકરા)

## શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની વિદ્યાર્થીનીઓની ઝળહળતી સિદ્ધિ

રમત-ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ ગાંધીનગર અંતર્ગત જિલ્લા રમતગમત અધિકારીની કચેરી ભુજ દ્વારા શાળાકિય રમતોત્સવમાં જિલ્લા કક્ષાની હરિફાઈમાં ક્રમાંક મેળવનાર દીકરીઓ રાજયકક્ષાએ અને રાજયકક્ષાએ ક્રમાંક મેળવનાર દીકરીઓ રાષ્ટ્રીયકક્ષાએ આગળ વધી નીચે પ્રમાણે સિદ્ધિઓ પ્રાપ્ત કરેલ છે.

**-: જિલ્લા કક્ષાની યોગાસન હરિફાઈમાં અવલ :-**

રમત-ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ ગાંધીનગર અંતર્ગત જિલ્લા રમતગમત અધિકારીની કચેરી ભુજ દ્વારા શાળાકિય રમતોત્સવમાં જિલ્લા કક્ષાની યોગાસન હરિફાઈમાં ટ્રેડિશનલ, વ્યક્તિગત અને રિધેમેટિક યોગમાં સમગ્ર જિલ્લામાં અમારી શાળાની દીકરીઓએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર મેળવી સિદ્ધિ પ્રાપ્ત કરેલ છે. પ્રથમ ક્રમની દીકરીઓ રાજય કક્ષાએ કચ્છ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

પ્રથમ ક્રમે યોગસનમાં વિજેતા :- ૧-વરસાણી દિશા રિધેમેટિક U-17. ૨-આશાણી ઊર્વી વ્યક્તિગત ટ્રેડિશનલ U-17.

દ્વિતીય અને તૃતીય ક્રમે યોગાસનમાં વિજેતા :- ૧વેકરીયા દર્શના વ્યક્તિગત,રિધેમેટિક U-14 દ્વિતીય. ૨-ગોરસીયા તુલસી રિધેમેટિક U-14 તૃતીય. ૩વેકરીયા યશ્વી વ્યક્તિગત, રિધેમેટિક U-17 દ્વિતીય. ૪-વરસાણી હેન્સી ટ્રેડિશનલ U-17 દ્વિતીય. ૫-વરસાણી દિશા વ્યક્તિગત U-17 તૃતીય.

**-:કુસ્તીમાં જિલ્લા કક્ષાએ તમામ વિભાગમાં વિજેતા-૧૫ સુવર્ણ અને ૬ રજત ચંદ્રકો મળવી અવલ્લ :-**

રમત-ગમત વિભાગ દ્વારા જિલ્લા કક્ષાની કુસ્તી સ્પર્ધાનું આયોજન કરાયું હતું. જેમાં અંડર ૧૪-૧૭-૧૯ એમ ત્રણ વિભાગની અલગ અલગ



વજનની ગ્રુપ સ્પર્ધામાં કન્યા વિદ્યામંદિરની દીકરીઓ સમગ્ર જિલ્લામાં ૧૫ પ્રથમ નંબરે (ગોલ્ડ મેડલ) અને ૬ દ્વિતીય નંબરે (સિલ્વર મેડલ) આમ કુલ્લ ૨૧ મેડલ પ્રાપ્ત કરી સંસ્થાનું નામ ગૌરવવંતુ કરી જલવંત સફળતા પ્રાપ્ત કરેલ છે.

**-: જિલ્લા કક્ષાની U-14, U-17, U-19 ત્રણેય ફોર્મેટમાં રગ્બી રમતમાં તમામ ટીમો પ્રથમ ક્રમે :-**

રમત-ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ ગાંધીનગર અંતર્ગત જિલ્લા રમતગમત




અધિકારીની કચેરી ભુજ દ્વારા શાળાકિય રમતોત્સવમાં તા.૨૯/૭/૨૪ નાં જિલ્લા કક્ષાની ૨૭બી રમત ગમત હરિભાઈમાં **U-14, U-17** અને **U-19** ત્રણે કક્ષાએ પ્રથમ આવેલ છે. આ દીકરીઓ રાજ્યકક્ષાએ આગેકૂચ કરશે.

**-: વોલીબોલ જિલ્લા કક્ષાએ તમામ વિભાગોમાં વિજેતા થઈ મેદાન માર્યુ :-**

કન્યા વિદ્યામંદિરમાં રમત ગમત વિભાગ દ્વારા જિલ્લા કક્ષાની વોલીબોલ સ્પર્ધાનું આયોજન



કરાયું હતું. જેમાં અંડર ૧૪-૧૭-૧૯ એમ ત્રણે વિભાગની સ્પર્ધામાં કન્યા વિદ્યામંદિરની દીકરીઓ સમગ્ર જિલ્લામાંથી પ્રથમ નંબરે વિજેતા થઈ સંસ્થાનું નામ ગૌરવવંતુ કરી જલવંત સફળતા પ્રાપ્ત કરેલ છે.

**-: રાજ્યકક્ષાએ જુડોમાં વિજેતા :-**



રમત-ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ ગાંધીનગર દ્વારા તા.૧૭ અને ૧૮ સપ્ટેમ્બરના રોજ નડિયાદ મુકામે રાજ્યકક્ષાની U-14 જુડો સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની દીકરી વાગડિયા સાક્ષી રમેશભાઈ જિલ્લાકક્ષામાં વિજેતા થઈને રાજ્યકક્ષાએ કચ્છ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરીને સમગ્ર રાજયમાં તૃતીય ક્રમાંક પ્રાપ્ત કરેલ છે.

**-: બીચ વોલીબોલમાં જિલ્લાકક્ષાએ તમામ વિભાગોમાં મોખરે :-**

કન્યા વિદ્યામંદિરની દીકરીઓ રમત ગમત વિભાગ દ્વારા જિલ્લાકક્ષાની બીચ વોલીબોલ સ્પર્ધાનું આયોજન માંડવી દરિયા કિનારે કરાયું હતું. એમાં અંડર ૧૪-૧૭-૧૯ એમ



ત્રણેય વિભાગની સ્પર્ધામાં કન્યા વિદ્યામંદિરની દીકરીઓ સમગ્ર જિલ્લામાંથી પ્રથમ નંબરે વિજેતા થઈ હતી.

**-:દીલ્લીમાં યોજાયેલ ઓલ ઈન્ડિયા સૈનિક કેમ્પ ૨૦૨૪માં પસંદગી-ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યુ :-**

36 GUN N.C.C. બટાલિયનની કેડેટ તથા કન્યા વિદ્યામંદિરમાં અભ્યાસ કરતી હિરાણી જેમિની કરસન-માનકુવા, જે દીલ્લી ખાતે



યોજાયેલ **ALL INDIA SAINIK CAMP** ૨૦૨૪માં પસંદગી પામી ફાયરીંગ વિભાગમાં જુનિયર વિંગમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યુ હતું. અને સમગ્ર ગુજરાતને ગૌરવ અપાવ્યું હતું.

-: રેન્ક બેઝ એનાયત કરાયા :-

કન્યા વિદ્યામંદિર અને શ્રીસહજાનંદ ગર્લ્સ ઈન્સ્ટિટ્યૂટ સંસ્થાની કોલેજ તથા હાઈસ્કૂલની N.C.C. ની વિદ્યાર્થીનીઓના રેન્ક સેરેમનીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ગુજરાત-૩૬ બટાલિયન એન.સી.સી. ભુજના કમાન્ડિંગ ઓફિસર કોલ વિકાસ પ્રભાકરનનો સંસ્થાના પ્રમુખ શ્રીરામજીભાઈ વેકરીયાએ આવકાર્યા હતા.

ત્યારબાદ રેન્ક સેરેમની પ્રમાણે સ્કૂલની વિદ્યાર્થીનીઓને રેન્ક બેઝ એનાયત કરવામાં પ્રભાકરન સાહેબ દ્વારા કેડેટ્સને પ્રોત્સાહિત કરી પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે હવે રાષ્ટ્રીય કક્ષાએ દેશની રક્ષા કાજે યુવતીઓ પણ લશ્કરમાં જોડાઈ રહી છે અને ઉચ્ચપદો શોભાવે છે.



સંસ્થાના મંત્રી પ્રવિણભાઈ પિંડોરીયા દ્વારા સંસ્થાનો પરિચય આપી, આ દેશભક્તિના કાર્યમાં ઉત્સાહભેર જોડાવવું જોઈએ જે માટે સંસ્થા દ્વારા તમામ સુવિધા પૂરી પાડવાની તૈયારી બતાવી હતી.

સાહેબશ્રી સ્કૂલ કેમ્પસની મુલાકાત વેળાએ સ્કૂલની નેશનલ લેવલે રેન્ક મેળવનાર પાઈપ બેન્ડ નિહાળી હતી ને વિદ્યાર્થીઓના પરફોર્મન્સને ઉપસ્થિત લોકોએ બિરદાવ્યું હતું.



સ્કૂલ અને કોલજેના બંને આચાર્યાશ્રીઓ, સંસ્થામાં N.C.C. ની જવાબદારી સંભાળતા શિક્ષિકા બહેનો અને કેપ્ટન દીપેશ પિંડોરીયાની મહેનતને બિરદાવવામાં આવી હતી.

રેન્ક મેળવનાર વિદ્યાર્થીનીઓ એમના જીવનકાળ દરમિયાન આ ક્ષેત્રમાં આગળ વધી દેશની સંરક્ષણ સેવામાં જોડાય તેમજ ઉપરોક્ત દરેક ક્ષેત્રે સિદ્ધિઓ મેળવવા બદલ ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિરના પુજ્ય મહંત સ્વામી, સમસ્ત સંત મંડળ, સાં.યો. મહંત સામબાઈ ફઈ સહ સમસ્ત સાં.યો. બહેનોએ અંતરના રૂડા આશીર્વાદ સહ શુભેચ્છાઓ પાઠવેલ છે. મંદિરના ટ્રસ્ટીઓ, સંસ્થાના સંચાલક મંડળ, કોલેજ અને સ્કૂલના આચાર્યા સહ સ્ટાફ પરિવાર તેમજ દેશ-વિદેશના હરિભક્તો દ્વારા રેન્ક બેઝ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીનીઓને અભિનંદન સહ શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

# સત્સંગ સમાચાર - વિદેશ

## ભુજ શ્રીનરનારાયણદેવ તાબાનું શ્રીસ્વામિનારાયણ મંદિર ઝાંઝીબાર (ટાન્ઝાનિયા)નો વાર્ષિક પાટોત્સવ

ભુજ શ્રીનરનારાયણદેવ તાબાનું શ્રીસ્વામિનારાયણ મંદિર ઝાંઝીબાર (ટાન્ઝાનિયા) દારે-સલામમાં વાર્ષિક પાટોત્સવની ઉજવણી પ્રસંગે તા.૩૧/૮/૨૦૨૪ થી તા.૨/૯/૨૦૨૪ સુધી ત્રિદિવસીય શ્રીનીલકંઠ ચરિત્ર કથા પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ભુજ મંદિરેથી સદ્‌ગુરુ સ્વામી

કેશવજીવનદાસજીના મંડળના ૧૦ સંતો સદ્ગુરુ સ્વામી સનાતનદાસજી, સદ્ગુરુ સ્વામી માધવપ્રસાદદાસજી, સદ્ગુરુ પુરાણી સ્વામી કેશવજીવનદાસજી, શાસ્ત્રી સ્વામી સૂર્યપ્રકાશદાસજી, સ્વામી કૃષ્ણચરણદાસજી, સ્વામી સત્યપ્રકાશદાસજી, સ્વામી પરબ્રહ્મજીવનદાસજી, સ્વામી શૌનકમુનિદાસજી, સ્વામી સત્યસ્વરૂપદાસજી, સ્વામી વેદસ્વરૂપદાસજી ઉપસ્થિત રહ્યા હતા.

કથાના વક્તા પુરાણી સ્વામી પરબ્રહ્મજીવનદાસજી મધુર શૈલીમાં કથામૃતનું રસપાન કરાવી શ્રોતજનોને મંત્રમુગ્ધ કર્યા હતા.

કથાના પ્રથમ દિવસે સંતો-હરિભક્તો વાજીંત્ર મંડળીના સથવારે વાજતે ગાજતે પોથીયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. અને રાત્રે સંગીતના સથવારે સંતો-ભક્તો મહા રાસોત્સવ ઉજવ્યો હતો. બહેનોની સભામાં બહેનોએ રાસોત્સવનો લાભ લીધો હતો.

કથા અંતર્ગત બીજા દિવસે સભામંડપમાં હરિભક્તોની બહોળી ઉપસ્થિતિમાં સ્વામી શૌનકમુનિદાસજીને મહાપૂજા કરાવી હતી. સાથે ધ્વજ પૂજન, શ્રીઠાકોરજીનો પંચામૃત મહાઅભિષેક અને મહાઆરતીનો લાભ સૌ ભક્તજનોએ લીધો હતો.

કથાના અંતિમ ત્રીજા દિવસે સવારે કથામૃત પાન કરી વડીલ સંતોના આશીર્વાદ અને કથા સમાપનની આરતી-ધૂન કરી પછી ભોજનરૂપ મહાપ્રસાદ લઈ સર્વે ભક્તો છૂટા પડ્યા હતા.

અ. યુવક મંડળ - ઝાંઝીબાર

# શ્રી ઘનશ્યામ બાળસંદેશ

## સત્સંગમાં નિર્માની રહેવું

લેખક શા.સ્વામી સંતસ્વરુપદાસજી

બાલ મિત્રો ! જયશ્રી સ્વામિનારાયણ, કોઈ પણ પ્રકારનું અભિમાન ભક્તને વિષે હોય એ ભગવાનને ન ગમે. તેથી જે તે પ્રકારે ભક્તનું અભિમાન દૂર થાય, ભક્ત નિર્માની થાય એમ ભગવાન કરે.

એક દિવસ ભગવાન શ્રીહરિ ભુજનગરમાં હીરજીભાઈને ઘેર બિરજમાન હતા. દરરોજ સભા કરે. સર્વે ભક્તો દર્શને આવે. એમાં જેઠી વાલજી નામે ભક્ત નિત્ય દર્શન કરવા આવે. પણ તેમને બળનું અભિમાન તેથી દર્શન કરવા આવે ત્યારે છાતી કાઢીને ચાલે. મહારાજને આ યોગ્ય લાગતું નહિ તેથી એક દિવસ શ્રીજીમહારાજના દર્શન કરતા નમીને પગે લાગવા ગયા તેવામાં શ્રીહરિએ હાથ લાંબો કરીને તેનું માથું પકડી બગલમાં દબાવી દીધું. જેઠી વાલજીએ માથું કાઢવા સારું ઘણીક મહેનત કરી, પણ નીકળ્યું નહીં ને પરસેવે રેબઝેબ થઈ ગયા. પછી શ્રીહરિએ હાથ ઊંચો કર્યો ને તે જેઠી ઘબ દઈને હેઠે પડી ગયા. શ્રીજીમહારાજ તેને જોઈને હસ્યા ને સભામાં સર્વે ભક્તો પણ હસ્યા. જેઠી વાલજી ભોઠા પડી ગયા. માન ભંગ થયું તેથી તે બે-ત્રણ દિવસ દર્શને પણ આવ્યા નહિ. પછી દર્શને આવ્યા ત્યારે ભગવાન શ્રીહરિએ કહ્યું : “ગુરુ, દેવ ને રાજા એટલાને દર્શને જાવું ત્યારે છાતી કાઢીને ચાલવું નહિ અને તેમની આગળ તો હારીને રાજી રહેવું.” એવી શ્રીહરિએ સભામાં વાર્તા કરી. વાત સાંભળી જેઠી ભક્ત નિર્માની થયા.

એવા જ અભિમાની બીજા બે ભક્તો હતા. જેઠી સંગો અને જેઠી મલ્લો. તે બન્ને દેહે કરીને જબરા ને મહાબળિયા હતા. કોઈથી જીતાય નહિ એવા બળિયા હતા. તેઓ પણ ભગવાન શ્રીહરિનાં દર્શન કરવા આવે ત્યારે છાતી કાઢીને ચાલે. ત્યારે તેને જોઈને ભગવાન શ્રીહરિએ કહ્યું : “ભક્તો! ભગવાનના દર્શન કરવા આવીએ ત્યારે છાતી કાઢીને ન ચાલીએ. સત્સંગમાં તો નિર્માની થઈને રહેવું જોઈએ.” આમ શ્રીહરિએ ઘણી વાત

કરી છતાંપણ એ બન્ને એમ ને એમ અકડ થઈને દર્શન કરવા આવે. મહારાજને થયું કે આ વાત કરે નહિ માને, માટે અભિમાન ઉતારવા કંઈક કરવું જોઈશે.

પછી એક દિવસ એ બન્ને દર્શન કરવા આવ્યા ને વાંકા નમીને શ્રીજીમહારાજને પગે લાગવા ગયા. ત્યારે ભગવાન શ્રીહરિએ તરત જ બન્ને હાથ લાંબા કરીને બન્નેનાં માથાં બગલમાં ઘાલી દબાવી દીધાં. સાથે શ્રીહરિ સભામાં બીજા ભક્તો આગળ વાતો કરવા લાગ્યા. બન્ને મલ્લો તો પોતાનાં માથાં કાઢવા સારું ઘણી મહેનત કરવા લાગ્યા, પણ માથાં બહાર નીકળે જ નહિ. પરસેવે રેબઝેબ થઈ ગયા, મોઢે ફીણ આવી ગયાં ને દેહની પણ સ્મૃતિ ન રહી. બેસુધ જેવા થઈ ગયા. પછી શ્રીહરિએ હાથ ઊંચા કર્યા, તે છેટે જઈને પડ્યા. ઘડી બે ઘડી તો જમીન પર જ પડી રહ્યા. પછી સભાન થતાં ઊઠીને ઘેર ચાલ્યા ગયા.

બીજા ભક્તો હતા તેમણે આ બધુ જોઈને શ્રીહરિને કહ્યું : “હે મહારાજ ! અમારે માટે તો આ મોટો પરચો થઈ ગયો. આવાં દર્શન તો કોઈ દિવસ થયાં નથી. અભિમાનીઓનું અભિમાન ઉતારવા આ નવી યુક્તિ જોઈ ” પછી ત્રીજે દિવસે તે બન્ને મલ્લો ભગવાન શ્રીહરિ પાસે આવ્યા. દર્શન કરીને પગે લાગ્યા ને પ્રાર્થના કરી કે અમે હવે ક્યારેય અભિમાન નહિ કરીએ. આમ નિર્માની થયા.

શ્રીહરિએ કહ્યું : “ભક્તો! સત્સંગમાં આવી રીતે નિર્માની થઈને રહીએ તો ભગવાન અને સંતો રાજી રહે. આવી રીતે તે મલ્લોનું અભિમાન દૂર કરવા શ્રીજીમહારાજે શિક્ષા કરી.

## દીવાળી આવી દીવાળી આવી આનંદને ઉત્સાહ લાવી

બાલ મિત્રો! નવા વર્ષના જય સ્વામિનારાયણ... તમારી પ્રથમ પરીક્ષા પૂરી થઈ ગઈ હશે અને દિવાળીનું વેકેશન પણ પડી ગયું હશે. બસ હવે તો ફરવા જવાનું, નવા કપડા સીવડાવવાના, ફટાકડા લેવાના. દીવાળી આવે એટલે દરેકને આનંદ જ હોય પણ દીવાળીની ખુશીઆલીમાં શ્રીઘનશ્યામ બાલમંડળમાં જવાનું ભુલતા નહિ. અને હા, નૂતન વર્ષે મા-બાપ તથા દાદા-દાદીનું પૂજન કરી પગે લાગી જય સ્વામિનારાયણ કહેજો. સગાસંબંધી તથા વડીલોને પગે લાગવું અને દરેક મિત્ર આદિને જય સ્વામિનારાયણ કહેજો.

દીવાળી અને નૂતનવર્ષના ઘણા ઘણા જય શ્રી સ્વામિનારાયણ.

## -: જ્ઞાન સરિતા :-

### -: જ્ઞાનમાળા :-

૧. ભગવાન શ્રીરામે રાવણનો વધ કયા દિવસે કર્યો હતો ?

(અ) ગુરુપૂનમ (બ) દીવાળી
(ક) વિજયાદશમી (ડ) શરદ પૂનમ

૨. વિજયાદશમીના દિવસે મિષ્ટાનમાં શું બનાવવામાં આવે છે ?

(અ) બુંદી-ગાંઠીયા (બ) જલેબી-ગાંઠીયા
(ક) મોતી ચૂર (ડ) ફાફડા-જલેબી

૩. ભગવાન શ્રીકૃષ્ણ ગોપીઓ સાથે રાસ કયા દિવસે રમ્યા હતા ?

(અ) શ્રાવણ સુદ પૂનમ (બ) વિજયાદશમી
(ક) દીવાળી (ડ) આસો સુદ પૂનમ

૪. ભગવાન શ્રીકૃષ્ણ ગોપીઓ સાથે રાસ કયા રમ્યા હતા ?

(અ) ગોકુળ (બ) વૃન્દાવન
(ક) બરસાના (ડ) મથુરા

૫. શરદપૂર્ણિમાંને દિવસે ઠાકોરજીને વિષેશમાં શું જમાડવામાં આવે છે ?

(અ) દૂધ-પૌંઆ (બ) વઘારેલ પૈંઆ
(ક) દૂધપાક (ડ) મીશરી

૬. વિજયાદશમીના કોનું પૂજન કરવામાં આવે છે ?
(અ) ગંગા (બ) શ્રી રામ
(ક) અસ્ત્ર-શસ્ત્ર (ક) ગોવર્ધન

૭. ભગવાન ધન્વંતરિનો જન્મ કયા દિવસે થયો હતો ?
(અ) પૂનમ (બ) ધનતેરસ
(ક) દિવાળી (ડ) કાળીચૌદશ

૮. ભગવાન શ્રીકૃષ્ણ કાળીચૌદશને દિવસે કોનો નાશ કર્યો હતો ?
(અ) બાણાસુર (બ) મુરદાનવ
(ક) નરકાસુર (ડ) ત્રિપુરાસુર

૯. શ્રીમદ્ ભાગવત્ માં શ્રીકૃષ્ણ ચરિત્રની કથા કયા સ્કંધમાં આવે છે ?
(અ) પંચમ સ્કંધ (બ) સપ્તમ સ્કંધ
(ક) નવમ સ્કંધ ( ડ) દશમ સ્કંધ

૧૦. માતા લક્ષ્મીજીના પિતાનું નામ શું છે ?
(અ) અંસુમાન (બ) સૂર્યદેવ
(ડ) વરુણદેવ (ડ) સમુદ્રદેવ

## -: જ્ઞાનમાળા :-

બાળ મિત્રો, આપેલ પ્રશ્નો વાંચો નીચે આપેલ કોયડાના સંવત્ સાલને શોધી પૂર્ણ કરો.

૧. ભગવાન સ્વામિનારાયણનો જન્મ ..
૨. ઈચ્છારામભાઈનો જન્મ ..
૩. શ્રીહરિએ કઈ સાલ ગૃહત્યાગ ...
૪. લોજ કઈ સાલ પધાર્યા ...
૫. રામાનંદ સ્વામીએ ગાદી સોંપી
૬. ભુજમાં શ્રીનરનારાયણદેવ પ્રતિષ્ઠા
૭. શિક્ષાપત્રી જયંતિ
૮. કચ્છમાં શ્રીહરિનું આગમન
૯. ધર્મદેવનો જન્મ કઈ સાલમાં થયો
૧૦. રામનંદ સ્વામીનો જન્મ
૧૧. અક્ષરજીવનદાસજી સ્વામીએ દીક્ષા

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૮ | ૩ | ૭ | ૧ | ૨ | ૩ | ૧ | ૪ | ૦ |
| ૮ | ૫ | ૨ | ૯ | ૪ | ૧ | ૬ | ૨ | ૬ | ૭ |
| ૫ | ૦ | ૭ | ૮ | ૨ | ૫ | ૩ | ૮ | ૪ | ૩ |
| ૬ | ૪ | ૧ | ૮ | ૪ | ૯ | ૧ | ૦ | ૧ | ૨ |
| ૨ | ૧ | ૭ | ૬ | ૦ | ૪ | ૧ | ૮ | ૭ | ૯ |
| ૯ | ૪ | ૧ | ૮ | ૮ | ૨ | ૦ | ૪ | ૯ | ૦ |
| ૭ | ૦ | ૬ | ૫ | ૦ | ૮ | ૨ | ૭ | ૬ | ૨ |
| ૬ | ૮ | ૯ | ૪ | ૧ | ૮ | ૫ | ૮ | ૩ | ૪ |
| ૪ | ૭ | ૬ | ૩ | ૦ | ૬ | ૩ | ૯ | ૨ | ૧ |
| ૧ | ૭ | ૮ | ૨ | ૫ | ૧ | ૯ | ૨ | ૪ | ૭ |

## -: ઉખાણાં :-

૧. આમ જાઉં તેમ જાંઉ જ્યાં જાઉં ત્યાં પાછળ સંતાવું.
૨. વનવગડામાં લોહીનું ટીપું.
૩. ધોળા ખેતરમાં કાળા દાણા.
૪. ચારે બાજુ ભીંત અને વચ્ચે પાણી.
૫. ચાલે પણ ચરણ નહિ ઉડે પણ પાંખ નહિ.
૬. માં ધોળી અને બચ્ચાં કાળા.
૭. ઢીંચણ જેટલી ગાય નીરે એટલું ખાય.
૮. લીલું ઝાડ, પીળું મકાન, તેમાં બેઠા કલ્લુરામ.
૯. પાંખ નથી તો પણ આકાશે ઉડે છે.
૧૦. એવું તે કોણ છે જે તમારા નાક પર બેસીને તમારા કાન ને પકડે છે.

# ભુજ મંદિરના સંત સદ્‌ગુરુ સ્વામી નિરન્નમુક્તદાસજી



ભુજ મંદિરમાં પોતાનું જીવન સમર્પિત કરનાર, ભાગવતી દીક્ષા લઇ અનેક મુમુક્ષુઓને ભગવાન તરફ દોરનાર, શ્રીનરનારાયણદેવનો કોઠાર, વાડી, ભંડાર, પાકશાળા વિગેરેની ખૂબ તનતોડ મહેનત કરી શ્રીજીમહારાજનો રાજીપો તથા તેમના ગુરુ સદ્‌ગુરુ મહંત શાસ્ત્રી સ્વામી ધર્મજીવનદાસજીનો રાજીપો મેળવનાર, વાત્સલ્ય, પ્રેમાળ, સંત સદ્‌ગુરુ સ્વામી નિરન્નમુક્તદાસજી આપની વચ્ચેથી સંવત્-૨૦૮૦ ભાદરવા વદ-૯, તા.૨૬/૯/૨૦૨૪ ગુરુવારના વહેલી સવારે ૨:૦૦ વાગ્યે શ્રીજીમહારાજનું અખંડ સ્મરણ કરતા ૯૧ વર્ષની ઉંમરે મહારાજના ધામમાં સિધાવ્યા છે અને મહારાજના સુખે સુખિયા થયા છે.

એમનું પૂર્વાશ્રમનું ગામ ભુજવાળું સુખપર હતું. પૂર્વાશ્રમના પિતાશ્રી રામજીભાઇ કરસન વેકરીયા, માતૃશ્રી રતનબાઇ રામજી વેકરીયા પરિવારમાં પવિત્ર માતાપિતાથી મળેલ શરીરીનું નામ નારાણભાઈ ધારેલ. એમનો જન્મ તા.૨૨/૧૦/૧૯૩૪ ના રોજ થયેલ. નાનપણથી જ શ્રીજીમહારાજના પ્રસાદી પરિવારમાંથી મળેલ પિતાશ્રી, દાદા કરસનભાઇ, મોટા ભાઇ દેવજીભાઇ તથા નારાણભાઇ અને એક બહેન સાથે સંયુક્ત પરિવારમાં રહી સત્સંગ સાથે વ્યવહારમાં રહી સંસ્કારો મેળવેલ, દિવસો જતાં સંત સમાગમના બળથી સંત થવા સુધીનું બળ મળ્યું. માતાપિતાએ સંસારમાં જોડવા પ્રયત્નો કર્યા, લગ્ન પણ કરાવ્યાં. બંને આત્માઓ મજબૂત સાથે મળી નક્કી કર્યું સંસાર માંડવો નથી. લગ્ન શ્રીનરનારાયણદેવ સાથે કરવાં છે. એમ નક્કી કરી સ્વામી ભુજ આવ્યા અને ધનબાઇ(ધ.પ.) સુખપર મંદિરમાં સાં.યો. ધારણ કર્યો. ભજન કરી મહારાજને રાજી કર્યા.

ભુજ મંદિરની પરંપરા મુજબ સંત થવા આવનારને પ્રથમ ફૂલવાડીમાં રહી ગાયોની સેવા કરવાની હોય એ રીતે વાડીમાં રહી મોટા સંતોની આજ્ઞા પ્રમાણે ગાયોની ખૂબ સેવા કરી. ગાયોના રાજીપાથી મહારાજ અને સંતો રાજી થયા અને સંત થવાની યોગ્યતા મળતાં ભુજ મંદિરના ૧૦ માં મહંત સંપ્રદાયના વિદ્વાન શાસ્ત્રી સ્વામી ધર્મજીવનદાસજી પાસે રહ્યા અને સંવત-૨૦૦૮ તા.૭/૩/૧૯૫૨ ગુરુવારના રોજ આચાર્ય શ્રીદેવેન્દ્રપ્રસાદજી મહારાજ પાસેથી ભાગવતી દીક્ષા ગ્રહણ કરી ભુજ મંદિરના સંતોની પંક્તિને શોભાવી. એમનો સ્વભાવ મૃદુ કોઇને નારાજ ન કરવો, ઉંચે સાદે ગુસ્સાથી કોઇને બોલાવવો, પોતા સાથે કોઈ અણબનાવ રાખે પણ એમના પ્રત્યે સદ્‌ભાવના દાખવતા રહ્યા. જાણે અજાત શત્રુ જેવો વ્યવહાર રાખતા. વ્યવહારમાં કુશળ હોવાથી ઘણા વર્ષો સુધી ભુજ મંદિરના મુખ્ય કોઠારમાં રહી સેવા કરી. કચ્છ સત્સંગને બળ આપ્યું. કોઈપણ જાતના પક્ષપાત વિના દરેક સંતો-પાર્ષદોને સાંચવ્યા. પ્રેમાળ, વાત્સલ્યભાવ એમનો દેહ રહ્યો ત્યાં સુધી આપતા રહ્યા. કોઇ નાના હરિભક્ત આવે ત્યારે કહે દિકરા ! આવા દયાળુ હતા સ્વામી.

વાડીની સેવામાં વધુ રુચી, ગાયોની સેવા થાય તો અબોલા પશુ રાજી થાય, એ ગાયોનું દૂધ શ્રીનરનારાયણદેવ અને સંતોને ઉપયોગમાં આવે. આવા ભાવથી વાડીની ખૂબ જ ચીવટપૂર્વક સંભાળ રાખી. ફૂલવાડી, રાવલવાડી હતી, પછી લેર વાડી-કુકમા વાડી અને રતીયા વાડી આ ત્રણેયમાં પણ એમનું ઘણું મહત્ત્વનું યોગદાન રહ્યું. આ સાથે પાકશાળા, ભંડાર, હરિભક્તોના રસોડા(ચોકડી)ની સેવામાં રહી ખૂબ જ સેવા કરી મહારાજને રાજી કર્યા. આ સાથે વિદેશના સત્સંગની સંભાળ માટે જવાનું થયું તો વિના સંકોચે સંતોની આજ્ઞા સ્વીકારી વિદેશના હરિભક્તોને સત્સંગનું બળ આપવા વિદેશ પધાર્યા. યુ.કે., આફ્રિકા, અમેરિકા, ઓસ્ટ્રેલિયા વિગેરે દેશોમાં પધારી ભક્તોને બળ આપ્યું. દેશમાં ભારતના ખૂણે ખૂણે

કચ્છ સત્સંગના ભક્તો જ્યા જ્યાં રહે છે તેમને ત્યાં જઈ સત્સંગનું બળ આપ્યું. કચ્છમાં ગામડે ગામડે ફરી કથાવાર્તા દ્વારા ઝાઝું કરીને પોતાના સંયમી જીવન દ્વારા ભક્તોને પ્રભાવિત કર્યા. છેલ્લે શ્રીનરનારાયણદેવની સેવા ૧ વર્ષ પૂર્ણ કરી મંડળના સંતો સાથે માંડવી પધાર્યા. હિંડોળા ઉત્સવ પૂર્ણ કરી થોડી શરીરમાં કસર-તકલીફ સ્વીકારી ઘુંટણમાં તકલીફ થતાં અમદાવાદ સ્ટર્લિંગ હોસ્પિટલમાં સારવાર લઈ ભુજ કે.કે.હોસ્પિટલમાં ૫-૬ દિવસ રહી ડોકટરોને સેવા આપી હવે બરોબર છે એમ જાણી મંદિરે આવ્યા. પણ આપની ઈચ્છા હવે ધામના સુખ લેવાની હોવાથી તા.૨૬/૯/૨૪ ભાદરવા વદ-૯, સંવત-૨૦૮૦ ગુરુવારની વહેલી સવારે ૨ વાગ્યે શ્રીજીમહારાજનું અખંડ સ્મરણ કરતા મહારાજની સેવામાં પધાર્યા. આપના જવાથી ભુજ મંદિરના મહંત સ્વામી જે આપના ગુરુભાઈ તથા અન્ય સંતોને ખૂબ જ દુઃખ થયું છે. આપના શિષ્યો પુરાણી સ્વામી હરિમુકુંદદાસજી તથા પુરાણી સ્વામી પુરુષોત્તમચરણદાસજી તથા પૌત્ર શિષ્ય સ્વામી બાલમુકુંદદાસજીએ ખૂબ જ સેવા કરી તેમજ મંડળના દરેક નાના મોટા સંતોની ખૂબ જ સેવા સ્વીકારી ધામમાં પધાર્યા તો એટલી જ અપેક્ષા આપના શિષ્યો તેમજ મંડળના સંતો તથા ભુજ મંદિરના નાના મોટા સંતો તથા હરિભક્તોને આપનો વિરહ સહન કરવાનું બળ મહારાજ આપે અને ભુજ મંદિરમાં આપ જેમ સેવા કરી સમગ્ર કચ્છના સત્સંગીઓનો રાજીપો મેળવેલ છે એવી જ સેવા આપના શિષ્યો તેમજ સૌ મંડળના સંતો તથા ભુજ મંદિરના સંતો મેળવે એજ અપેક્ષા સાથે.

સાધુ અક્ષરપ્રિયદાસજીના જય શ્રીસ્વામિનારાયણ

## સદ્‌ગુરુ સ્વામી નિરન્નમુક્તદાસજીનો અક્ષરવાસ

દિનાંક.૨૬/૯/૨૦૨૪ ભાદરવા વદ-૯ ના રોજ સ્વામી વહેલી સવારે ૨ વાગ્યે શ્રીજીમહારાજના અખંડ સ્મરણ સાથે શ્રીજીમહારાજની અખંડ સેવામાં જોડાયા છે. એમની અંતિમ યાત્રા તા.૨૬ ના બપોરે ૨ વાગ્યે ભુજ મંદિરેથી નીકળી હતી. ભુજ મંદિરના પૂજ્ય મહંત સ્વામી આદિ મંડળના વડીલ સંતોએ વિદાય આપી હતી.







સ્વામીના અંતિમ દર્શન માટે કચ્છ-ગુજરાત તેમજ વિદેશથી હજારો સંતો તેમજ હરિભક્તો આવ્યા હતા. અને સ્વામીના દર્શન કરી આવા સમર્થ સંત ગુમાવ્યાનું દુઃખ વ્યક્ત કર્યું હતું. પૂજ્ય મહંત સ્વામીએ તા.૨૮/૯/૨૦૨૪ ભાદરવા વદ એકાદશીએ દરેક ભક્તોને ફરી બોલાવ્યા હતા. અને ભુજ મંદિરના મોટા સભામંડપમાં શોકસભામાં મહંત સ્વામીએ એમના શિષ્યો સ્વામી હરિમુકુંદદાસજી અને સ્વામી પુરુષોત્તમચરણદાસજી તેમજ મંડળના દરેક સંતોને









હિંમત આપી હતી. અને હરિભક્તોને પણ આશ્વાસન આપ્યું હતું. સ્વામીના ગુણાનુવાદ સભામાં ભુજ તેમજ અમદાવાદ વિગેરે મોટા મંદિરોથી સંતો પધારી શોક વ્યક્ત કર્યો હતો.

કોઈ મહાન વ્યક્તિની ખોટ કયારેય પૂરાતી નાથી શ્રીજીમહારાજ આ શ્રીનરનારાયણદેવના બાગમાંથી કોઈપણ પુષ્પ લે અને એમની સેવામાં રાખે અને આ બાગમાં જરૂરિયાત પ્રમાણે બીજા ફૂલ તૈયાર કરતા જ આવ્યા છે.

## ગુણાનુવાદ સભા

છેલ્લે પૂજ્ય સ્વામીની ગુણાનુવાદ સભામાં આવેલ દરેક ભક્તોને હિંમત સાથે સ્વામીએ જે ગુણોથી આ શ્રીનરનારાયણદેવની અને સંતો-ભક્તોની સેવા કરી હજારો હરિભક્તોમાં પોતાનું સ્થાન મેળવ્યું હતું. એવા ગુણો આપણામાં આવે એવી ભાવના સાથે આ સભા પૂર્ણ કરવામાં આવી હતી.

તંત્રીશ્રી







## શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

૨૦૧- કરસનભાઇ ઝીણાભાઇ જેશાણી ધ.પ.અ.નિ.રતનબાઇ, સુત ભીમજીભાઇ ધ.પ.ધનબાઇ સપરિવાર શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - બળદિયા

૨૫૧- નિતીન હીરજી વરસાણી, હ હીરજી કરસન વરસાણી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - નારાણપર-રાવરી હાલે-યુ.એસ.એ. (અમેરિકા)

૫૦૦- જનક કેતન ગામી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - કેરા હાલે-લંડન

૨૦૦- વિનોદ શીયાણી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - ગાંધીધામ

---

શ્રી ગણેશાય નમઃ ॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥ શ્રી નરનારાયણાય નમઃ ॥

### ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા આયોજીત

# સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞ એવમ્ નારાયણ યજ્ઞ મહોત્સવનું આયોજન

| પોથીયાત્રા : સં. ૨૦૮૧, ફાગણ વદ ૧૪, શુક્રવાર , તા. ૨૮-૩-૨૦૨૫ | કથા પ્રારંભ : સં. ૨૦૮૧, ફાગણ વદ અમાસ, શનિવાર, તા.૨૯-૩-૨૦૨૫ | કથા સમાપ્તિ સં.૨૦૮૧, ચૈત્ર સુદ-૭, શુક્રવાર, તા.૪-૪-૨૦૨૫ | નારાયણ યજ્ઞ : સં. ૨૦૮૧, ચૈત્ર સુદ-૮, શનિવાર , તા. ૫-૪-૨૦૨૫ |
|---|---|---|---|

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી નરનારાયણદેવ, શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજની પરમ કૃપા તથા મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી આદિ બ્રહ્મનિષ્ઠ સંતોની આજ્ઞાથી આગામી તા. ૨૮-૩-૨૦૨૫ થી તા. ૪-૪-૨૦૨૫ સુધી સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જે કોઈ સત્સંગી-હરિભક્ત, ધર્મપ્રેમીઓ પોતાના પિતૃઓના મોક્ષાર્થે, પ્રિય સ્વજનોની ચિરઃશાંતિ માટે, પોતાના જીવના કલ્યાણાર્થે પોથી રાખવાની હોય તો ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના કોઠારમાં નામ નોંધાવી જવા.

**એક પોથીના રૂા. ૨૫,૦૦૦/- પોથી યજમાનનું નામ કંકોત્રીમાં છાપવામાં આવશે.**
**૧ પોથી પાછળ ૨ વ્યક્તિના નામ તથા હસ્તે ૧ વ્યક્તિનું નામ છપાશે.**

**નારાયણયાગમાં ૧ પોથી પાછળ ૧ જોડલું બેસી શકશે.**

**૧ પોથી યજમાનશ્રીને બે ટાઈમ ભોજનપ્રસાદ માટે ૧૦-૧૦ પાસ આપવામાં આવશે.**
**સંહિતા પાઠમાં વ્યક્તિગત પોથી ઉપર બ્રાહ્મણ નહીં હોયતેમાં**
**પવિત્ર બ્રાહ્મણ દ્વારા સંહિતા પાઠ વાંચવામાં આવશે.**

**જેના નિમિત્તે કથા હોય તે વ્યક્તિનો નાનો ફોટો (૮ ટ૧૨ સાઇઝ) તથા**
**સુખડનો હાર લાવી શકાશે સાથે ડીશ, કળશીયો, વાટકો તથા ચમચી,**
**નેપકીન સાથે લાવવાના રહેશે.**

: કથા સ્થળ :

શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ, તીથર્ધામ ભુજ-કચ્છ. ફોન નં. ૭૫૬૭૬૦૮૦૦૦







## શ્રીપૂર્વ આફ્રિકા સત્સંગ સ્વામિનારાયણ મંદિર નાઇરોબી આયોજિત શ્રીઘનશ્યામ મહોત્સવ

પૂજ્ય આચાર્ય મહારાજશ્રી તેમજ ભુજ મંદિરના મહંત સ્વામીની આજ્ઞા અને આશીર્વાદથી શ્રીપૂર્વ આફ્રિકા સત્સંગ સ્વામિનારાયણ મંદિર-નાઈરોબી આયોજિત શ્રીઘનશ્યામ મહોત્સવની ભવ્ય ઉજવણી તા.૧૯ થી ૨૬-૧૨-૨૦૨૪ દરમિયાન યોજાશે. આ શુભ પ્રસંગ સાથે આપણા મંદિરનો મૂળ સ્થાપનાને ૮૦ મા પાટોત્સવ તેમજ નવા મંદિરનો ૨૫ મો પાટોત્સવ તથા આ ઉજવણીની ભવ્યતામાં ઉમેરો કરશે. શ્રીઘનશ્યામ મહારાજની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ભક્તિમય સપ્તાહભરની ઉજવણીમાં આવવા હાર્દિક નિમંત્રણ પાઠવીએ છીએ.

- મંત્રીશ્રી ભીખાલાલ ગોરસીયા

RNI NO. GUJ/GUJ/2001/5643
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ/STG OFFICE
Shree Swaminarayan Dharmasandesh
POSTAL REGD. NO. GKCH-158/2024-2026
WPP LIC NO. G-PMG-RJT/011/2024/UPTO 31-12-2024







## જિલ્લા કક્ષાની U-14, U-17, U-19 ત્રણેય ફોર્મેટમાં રગ્બી રમતમાં તમામ ટીમો પ્રથમ ક્રમ





## વોલીબોલ જિલ્લા કક્ષાએ તમામ વિભાગોમાં વિજેતા થઇ મેદાન માર્યું



## ભુજ મંદિર સંચાલિત શ્રી સ્વામિનારાયણ કન્યાવિદ્યા મંદિરની વિદ્યાર્થિનિઓની જ્વલંત સિદ્ધિઓ - મિરજાપર ભુજ